અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ઓગસ્ટ ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ દશમ | અંક : ૧૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### નારાયણ રાણેએ સાથી સાંસદને ગૃહમાં જ ધમકાવ્યા




। નવી દિલ્હી, તા.૯ ।

મંગળવારે સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા વચ્ચે માહોલ ગરમ રહ્યો. મણિપુરમાં હિંસા મુદ્દે કેન્દ્ર સરકાર સામે આ અવિશ્વાસ પ્રસ્તાવ લવાયો છે જેના પર ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન કેન્દ્રીયમંત્રી નારાયણ રાણે લોકસભામાં બોલતી વખતે નિયંત્રણ ગુમાવી બેઠા અને તેમના સાથી સાંસદ અરવિંદ સાવંત અંગે વિવાદિત ટિપ્પણી કરતાં તેમને કડક ધમકાવતાં બેસી જવા કહી દીધું. તેમણે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન અરવિંદ સાવંતને કહ્યું કે 'ઓય બેસ નીચે... જેવા જ લોકસભા અધ્યક્ષે આ મામલે હસ્તક્ષેપ કર્યો તો મંત્રીએ કહ્યું કે સાવંતની પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ બોલવાની લાયકાત જ નથી. લોકસભામાં નારાયણ રાણેએ આ વિવાદિત ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે લાયકાત નથી તેમની વડાપ્રધાન, અમિત શાહ વિશે બોલવાની...

### ભાજપને દેશ છોડવા મજબૂર કરી દઈશું : મમતા બેનર્જી

। કોલકાતા, તા.૯ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ આજે મણિપુર હિંસા અંગે ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પૂર્વોત્તર રાજ્યોની હાલત સુધારવામાં નિષ્ફળ રહી છે. ભગવા પાર્ટીએ દેશ છોડી દેવો જોઈએ. ઉલ્લેખનિય છે કે, મમતા બેનર્જી ઝાડગ્રામના ત્રણ દિવસના વહિવટી પ્રવાસે છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, જાતીય ઘર્ષણનો સામનો કરી રહેલા મણિપુરમાં આદિવાસીઓ સંકટનો સામનો કરહ્યા છે અને તેમની દુર્દશા સાંભળનાર કોઈ નથી...

લોકસભામાં કૉંગ્રેસના નેતાના મણિપુર હિંસા મામલે આક્રમક તેવર

# સેના મણિપુરમાં એક દિવસમાં શાંતિ સ્થાપી શકે છે : રાહુલ

## તમે લોકોએ મણિપુરમાં હિન્દુસ્તાન, ભારત માતાની હત્યા કરી છે, તમે ભારતની સુરક્ષા કરનારા નથી પણ તમે તેમના હત્યારા છો : રાહુલ ગાંધી

। નવી દિલ્હી, તા.૯ ।

સંસદમાં ચોમાસું સત્ર ચાલી રહ્યું છે ત્યારે લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર આજે બીજા દિવસે ચર્ચા થઈ રહી છે જેમા સાંસદ પદ પરત મળ્યાં બાદ રાહુલ ગાંધી પહેલીવાર લોકસભામાં બોલી રહ્યાં હતા. મણિપુર મામલે મોદી સરકાર વિરુદ્ધ લવાયેલા અવિશ્વાસ પ્રસ્તાવ મામલે રાહુલ ગાંધીની સ્પીચનો જવાબ આપતાં સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે મણિપુર ભારતનો અભિન્ન અંગ છે. તેમણે આ દરમિયાન કાશ્મીરી પંડિતો, ૧૯૮૪ના શીખવિરોધી રમખાણો, મહિલાઓ પર સામૂહિક દુષ્કર્મના વિવિધ મામલાઓ ઊઠાવીને તેમને જવાબ આપ્યો હતો. રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવતા મોદી સરકાર સામે નિશાન તાક્તા કહ્યું કે તમે લોકોએ મણિપુરમાં હિન્દુસ્તાન, ભારત માતાની હત્યા



કરી છે. તમે ભારતની સુરક્ષા કરનારા નથી પણ તમે તેમના હત્યારા છો. ભારતીય સૈન્ય એક જ દિવસમાં મણિપુરમાં શાંતિ લાવી શકે છે પરંતુ તમે તેનો ઉપયોગ કરતાં નથી. હું મોદીજીને એટલું કહીશ કે તેઓ હિન્દુસ્તાનની અવાજ નથી સાંભળતા તો કોનો અવાજ સાંભળે છે. તેમણે રાવણનું ઉદાહરણ આપતાં કહ્યું કે રાવણ ફક્ત બે લોકોની સાંભળતો હતો. એ જ રીતે મોદીજી પણ બે જ લોકોનું જ સાંભળે છે. રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવતા સત્તાપક્ષ સામે આકરા પ્રહારો કરતાં કહ્યું હતુ કે આ લોકોની રાજનીતિએ જ મણિપુરમાં હિન્દુસ્તાનની હત્યા કરી છે. રાહુલ ગાંધીએ આ દરમિયાન બે ઉદાહરણો પણ આપ્યા હતા જેમાં બે મહિલાઓએ તેમની આપવીતી વર્ણવી હતી. ભારત એ એક અવાજ છે. જો આપણે તેને સાંભળવું હોય તો આપણે અહંકારને ભૂલવું પડશે. તેમણે કહ્યું કે હું થોડા દિવસ પહેલા મણિપુર ગયો હતો પણ આપણા વડાપ્રધાન ન ગયા. કેમ કે તેમના માટે તે હિન્દુસ્તાનનો ભાગ નથી. રાહુલ ગાંધીએ આ દરમિયાન એક ખેડૂતનો કિસ્સો શેર કર્યો. જેમાં કહ્યું કે એક ખેડૂત મને મળ્યો હતો. તેણે મને રુ નો બંડલ આપ્યો.

### રાહુલ ગાંધીએ તેમની સ્પીચમાં એક આઠ વર્ષની છોકરીનો ઉલ્લેખ

રાહુલ ગાંધીએ તેમની સ્પીચમાં એક આઠ વર્ષની છોકરીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે છોકરીએ મને પત્ર આપ્યો. તેમાં લખ્યું હતું કે રાહુલ હું તમારી સાથે ચાલીશ. મને તેનાથી ઘણી શક્તિ મળી. મને ખેડૂતો, યાત્રામાં ચાલનારા લાખો લોકોથી શક્તિ મળી. રાહુલ ગાંધીએ લોકસભામાં ભારત જોડો યાત્રાનો ઉલ્લેખ કર્યો હતો. જેના પર ફરી હોબાળો થયો હતો. તેમને બેસી જવા માટે કહી દેવાયું હતું. તેમણે કહ્યું કે હું સમુદ્ર કિનારેથી કાશ્મીરના બરફના પર્વતો સુધી ચાલીને ગયો. મારી યાત્રા હજુ પૂરી થઇ નથી. ભલે હું લદાખ ગયો નથી. હું જરૂર આવીશ. ઘણા લોકોએ મને પૂછ્યું કે યાત્રા દરમિયાન કે યાત્રા બાદ પણ કે રાહુલ તમે કેમ ચાલી રહ્યા છો? તમારું લક્ષ્ય શું છે? ત્યારે મને શરૂઆત કર્યા બાદ ધીમે ધીમે વાત સમજાવા લાગી.

ATM પર દર મહિને કેટલા ફ્રી ટ્રાન્ઝેક્શન થઈ શકે?

# પેનલ્ટીના નામે ૫ વર્ષમાં ગ્રાહકો પાસેથી ૩૫,૬૦૦ કરોડ ખંખેર્યા

## બેક્રોમાં તમે દરેક ક્વાર્ટરમાં મિનિમમ બેલેન્સ ન રાખો, ATMના વધારાના ટ્રાન્ઝેક્શન કરો અથવા SMS સર્વિસ મેળવો

। નવી દિલ્હી, તા.૯ ।

ભારતમાં બેક્રો સર્વિસ ચાર્જિસ તરીકે દર વર્ષે તગડી કમાણી કરી છે જે સંસદમાં રજુ થયેલા આંકડા પરથી સાબિત થાય છે. રાજ્યસભામાં આજે રાજ્યકક્ષાના નાણામંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૮થી અત્યાર સુધીમાં, એટલે કે છેલ્લા પાંચ વર્ષોમાં બેક્રોએ ગ્રાહકો પાસેથી ૩૫,૫૮૭ કરોડ રૂપિયા જુદા જુદા સર્વિસ ચાર્જ અને પેનલ્ટી તરીકે વસુલ્યા છે. તેમાંથી ૨૧,૦૪૪ કરોડ રૂપિયા તો મિનિમમ બેલેન્સ ન રાખવાના કારણે નોન-મેન્ટેનન્સ ચાર્જ તરીકે વસુલવામાં આવ્યા છે. બેક્રોમાં તમે દરેક ક્વાર્ટરમાં મિનિમમ બેલેન્સ ન રાખો, ATMના વધારાના ટ્રાન્ઝેક્શન કરો અથવા SMS સર્વિસ મેળવો ત્યારે દરેક વખતે બેક્રોને તેમાં કમાણી થાય છે. મોટી સરકારી અને પ્રાઈવેટ બેક્રોએ પાંચ વર્ષના સમયગાળામાં ગ્રાહકો પાસેથી ૩૫,૫૮૭ કરોડ રૂપિયા મેળવ્યા છે. તેમાં



પણ મોટી કોમર્શિયલ બેક્રો આવા ચાર્જિસ વસુલવામાં સૌથી આગળ છે. છેલ્લા પાંચ વર્ષની અંદર બેક્રોએ મિનિમમ બેલેન્સ ન રાખવાના કારણે જે પેનલ્ટી વસુલી તેની રકમ ૨૧,૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારે છે તેમ સરકારે સંસદમાં જણાવ્યું છે. રાજ્યકક્ષાના નાણામંત્રી ભગત કરાડે એક પ્રશ્નના જવાબમાં આ જણાવ્યું હતું. બેક્રો દ્વારા વસુલવામાં આવતો ઉંચો સર્વિસ ચાર્જ એક મહત્ત્વનો મુદ્દો છે અને તે અંગે સરકાર સમક્ષ ઘણી ફરિયાદો પણ આવી છે. આ ઉપરાંત સરકારી માલિકીની બેક્રો તથા એક્સિસ બેક્ર, HDFC બેક્ર, ઈન્ડસઈન્ડ બેક્ર, ICICI બેક્ર વગેરે પ્રાઈવેટ બેક્રોએ વધારાના ATM ટ્રાન્ઝેક્શન માટે ૮,૨૮૯.૩૨ કરોડની વસુલાત કરી હતી. આ ઉપરાંત SMS સર્વિસ પૂરી પાડવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ગ્રાહકો પાસેથી ૬,૨૫૪ કરોડની વસુલી કરવામાં આવી છે. મંત્રીએ જણાવ્યું કે બેક્રો દ્વારા વસુલવામાં આવતા સર્વિસ ચાર્જિસને રેગ્યુલેટ કરવા માટે RBI ૧ જુલાઈ ૨૦૧૫ના રોજ માસ્ટર સર્ક્યુલર લાવી હતી. તે પ્રમાણે બેક્રોને સેવિંગ્સ એકાઉન્ટમાં મિનિમમ બેલેન્સ ન જાળવતા ગ્રાહકો પાસેથી પેનલ્ટી નક્કી કરવાનો અધિકાર છે, પરંતુ તે વાજબી હોવી જોઈએ. આ પેનલ્ટી સર્વિસ પૂરી પાડવાના એવરેજ કોસ્ટ જેટલી ન હોવી જોઈએ. આ ઉપરાંત એસએમએસ મોકલવાના ચાર્જ પણ વાજબી રાખવા માટે આરબીઆઈએ બેક્રોને સલાહ આપી છે.

વધતા જતા ભાવનો સાંસદે સંસદમાં વિરોધ કર્યો

# આપના સાંસદ ટામેટાંની માળા પહેરીને સંસદ ગૃહમાં પહોંચ્યા

। નવી દિલ્હી, તા.૯ ।

રાજ્યસભાની કાર્યવાહી ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. આપ સાંસદ સુશીલ ગુપ્તા ટામેટાંની માળા પહેરીને આવતાં મામલો બગડ્યો હતો. જેના બાદ ગૃહમાં ભારે હોબાળાની સ્થિતિ સર્જાઈ હતી અને જેના પગલે રાજ્યસભાની કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી. રાજ્યસભા બાદ લોકસભામાં પણ હોબાળો થતા કાર્યવાહીને ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. લોકસભામાં આજે સતત બીજા દિવસે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થશે. કૉંગ્રેસના નેતા અધ ીર રંજન ચૌધરીએ આ દાવો કર્યો છે કે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે ગૃહમાં બપોરે ૧૨ વાગ્યે સંબોધન કરશે. આ સિવાય કેન્દ્રીય ગૃહમંત્રી આજે સાંજે ૪ વાગ્યે ગૃહમાં કૉંગ્રેસને જવાબ આપશે. આ વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી બપોર ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

### મોંઘવારી મુદ્દે સરકારને ઘેરવાના પ્રયાસમાં આપના સાંસદ સુશીલ ગુપ્તાએ અનોખી રીતે વિરોધ કર્યો

લોકસભામાં આજે સતત બીજા દિવસે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થશે. કૉંગ્રેસના નેતા અધ ીર રંજન ચૌધરીએ આ દાવો કર્યો છે કે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે ગૃહમાં બપોરે ૧૨ વાગ્યે સંબોધન કરશે. આ સિવાય કેન્દ્રીય ગૃહમંત્રી આજે સાંજે ૪ વાગ્યે ગૃહમાં કૉંગ્રેસને જવાબ આપશે. આ વચ્ચે રાજ્યસભાની કાર્યવાહી બપોર ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. સુશીલ ગુપ્તા વધતાં જતાં ટામેટાંના ભાવ સામે વિરોધ દર્શાવવા અને મોંઘવારી મુદ્દે સરકારને ઘેરવાના પ્રયાસ રૂપે ટામેટાંની માળા પહેરીને ગૃહમાં આવ્યા હતા. લોકસભાના સાંસદોએ ૧૯૪૨ના ભારત છોડો ચળવળની યાદમાં સ્વતંત્રતા સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે એક મિનિટનું મૌન પાળ્યું હતું. વિપક્ષના સાંસદોએ ૧૯૪૨ના ભારત છોડો ચળવળને યાદ કરીને સંસદ સંકુલમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત જાપાનમાં અણુ બોમ્બ ધડાકાની ૭૮મી વર્ષગાંઠ પર હિરોશિમા અને નાગાસાકીના પીડિતોને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. કેન્દ્ર સરકાર બહુમતીમાં છે.

## ભારતમાં બનેલી કફ સિપર પર પ્રતિબંધ મુકવા ઈરાકની વિચારણા

। નવી દિલ્હી, તા.૯ ।

દુનિયાભરના દેશો ભારતીય કફ સિરપની દવાઓને લઈને ચિંતિત છે. ૭ ઓગસ્ટના રોજ ઈરાકે એમ પણ કહ્યું હતું કે જ્યારે ભારતીય પેઢી દ્વારા બનાવવામાં આવેલી દવાનું લેબમાં પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે જાણવા મળ્યું કે આ કફ સિરપ માત્ર દૂષિત નથી પણ જીવલેણ પણ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ ભારતમાં બનતા કફ સિરપને લઈને ફરી એકવાર એલર્ટ જાહેર કર્યુ છે. છેલ્લા ૧૦ મહિનામાં આ પાંચમી વખત છે જ્યારે WHOએ ભારતીય કફ સિરપને લઈને એલર્ટ જાહેર કર્યુ છે. રોઈટર્સના અહેવાલ મુજબ, તાજેતરમાં ઈરાકમાં જે કફ સિરપ પર પ્રતિબંધ મૂકવાની વાત કરવામાં આવી રહી છે, તે ફોર્ટ્સ ઈન્ડિયા લેબોરેટરીઝ પ્રાઈવેટ લિમિટેડ વતી Dabilife Pharma Pvt Ltd દ્વારા તૈયાર કરવામાં આવી હતી. WHOએ પોતાના રિપોર્ટમાં કહ્યું કે આ કફ સિરપમાં Ethivin Glycol અને Diahylene Glycol બંનેની માત્રા નિર્ધારિત મર્યાદા કરતા ૦.૧૦ ટકા વધુ ઉમેરવામાં આવી છે.

## સેન્સેક્સમાં ૧૪૯, નિફ્ટીમાં ૬૧ પોઈન્ટનો ઊછાળો જોવાયો

। મુંબઈ, તા.૯ ।

આજે ફરી એકવાર મામૂલી વધારા સાથે શેર માર્કેટમાં બંધ થયુ છે. આજે સપ્તાહના ત્રીજા દિવસે માર્કેટમાં ક્લૉઝિંગ સમયે બીએસઈ સેન્સેક્સમાં ૧૪૯ પૉઈન્ટ અને નિફ્ટીમાં ૬૧ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો. આજના દિવસના કારોબારના અંતે સ્ટૉક માર્કેટમાં ઉતાર ચઢાવ જોવા મળ્યો હતો, બીએસઈ સેન્સેક્સ આજે ૦.૨૩ ટકાના વધારા અને ૧૪૯.૩૧ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૯૫.૮૧ ના સ્તરે બંધ રહ્યો હતો.

## રેલવે ટૂંકમાં ૨.૪ લાખથી વધુ જગ્યાઓ પર ભરતી કરશે

। નવી દિલ્હી, તા.૯ ।

રેલવે દ્વારા જલ્દીથી ૨.૪ લાખથી વધુ જગ્યાઓ ભરવાની તૈયારી ચાલી રહી છે. તેનો ઉદ્દેશ્ય મુખ્ય રુપે સુરક્ષા કર્મચારી, સહાયક સ્ટેશન માસ્ટર (એએસએમ),બિન-તકનીકી લોકપ્રિય શ્રેણીઓ (એનટીપીસી)અને ટીકિટ કલેક્ટર (ટીસી)ની ભરતી થવાની છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજ્યસભામાં લેખિત પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે રેલવેના દરેક ઝોનમાં ગ્રુપ સીની પોસ્ટમાં ૨,૪૮,૮૯૫ જગ્યાઓ ખાલી છે. જ્યારે ગ્રુપ એ અને બી ના પદોમાં ૨૦૭૦ જગ્યા ખાલી છે. ભારતીય રેલવે પર ગ્રુપ એ ની સેવા માટે સીધી ભરતી યુપીએસી દ્વારા કરવામાં આવતી હોય છે. હવે યુપીએસી અને ડીઓપીટી પર માંગણી મુકવામાં આવી છે. તમને જણાવી દઈએ કે રેલવે વિભાગ દ્વારા હાલમાં જ આરપીએફમાં ૯૭૩૯ કોન્સ્ટેબલ અને સબ ઈન્સપેક્ટર ૨૭૦૧૯, સહાયક લોકો પાયલોટ (એએલપી) અને ટેકનીશિયન ગ્રેડની જગ્યા, ગ્રુપ ડીના પદ પર ૬૨૯૦૭, આરપીએફની ૯૫૦૦ જગ્યા પર ભરતી કરવામાં જાહેરાત કરવામાં આવી છે.




### મુંબઈ-દિલ્હી ફ્લાઈટ હાઈજેક કેસ

# ગુજરાત હાઈકોર્ટે આરોપી બિરજુ સલ્લાને નિર્દોષ જાહેર કર્યો

## આરોપીની જપ્ત કરાયેલ સંપતિ અને દંડની રકમ પણ પરત કરવા હાઈકોર્ટનો હુકમ

| અમદાવાદ, તા.૯ |

મુંબઈ-દિલ્હી ફ્લાઈટને હાઈજેક કરવાનાં કેસમાં આરોપી બિરજુ સલ્લાને કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી બિરજુ સલ્લાને નિર્દોષ જાહેર કર્યો છે. તેમજ આરોપીની જપ્ત કરાયેલ સંપત્તિ અને દંડની રકમ પણ પરત કરવા હાઈકોર્ટે હુકમ કર્યો હતો. આ કેસમાં સ્પેશિયલ NIA કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. ૩૦ ઓક્ટોમ્બર ૨૦૧૭ નાં રોજ દિલ્હી-મુંબઈ ફ્લાઈટનું અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડીંગ થયું હતું. ફ્લાઈટમાં બિઝનેસ ક્લાસમાં પ્રવાસ કરી રહેલા બિરજુ સલ્લાએ ટોલટેલમાં મેસેજ લખ્યો હતો કે, "ફ્લાઈટમાં હેકર્સ હાજર છે" જે ધ્યાને આવતા વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ થયું હતુ. આ બાબતે બિરજુ સલ્લાનાં વકીલ વિક્રમ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, અમારા ક્લાઈન્ટ પર એવો ચાર્જ મુકવામાં આવ્યો હતો કે, કોઈ પણ પુરાવા પ્રોસીક્યુશન દ્વારા મુકવામાં આવ્યા ન હતા કે જેથી સાબિત થઈ શકે કે અમારા ક્લાઈન્ટે આવું કર્યું હોય. કોર્ટે મેટર સાંભળેલી હતી અને ઓર્ડર રિઝર્વ રાખ્યો હતો. ત્યારે આજે ઓર્ડર પ્રિનાઉન્સ કર્યો છે. હાઈકોર્ટ દ્વારા જારી કરેલ ઓર્ડર પ્રિનાઉન્સમાં ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. જેમાં આ જે થ્રીટ હતી તે કેડીશલ થ્રીટ હતી. આ જે થ્રીટ મુકવામાં આવી હતી.


### આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે

# દેવભૂમિ દ્વારકાના ૨૧ ટાપુ પર ફરી પ્રતિબંધ લગાવાયો

## દેશ વિરોધી પ્રવૃતિઓ અટકાવવા અને સુરક્ષાની દ્રષ્ટીએ નિર્જન ટાપુ પર પ્રતિબંધનો નિર્ણય કર્યો

| દેવભૂમિ દ્વારકા, તા.૯ |

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર ૦૨ ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુઓ માનવ વસાહત રહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે ૧૯/૧૨/૧૬ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દેવભૂમિ દ્વારકાએ તેમને મળેલ સતાની રૂએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ, (૮) ખીમરોઘાટ ટાપુ, (૯) આશાબાપીર ટાપુ (૧૦) ભૈદર ટાપુ (૧૧) ચાંક ટાપુ (૧૨) ધબધબો (દબદબો) ટાપુ (૧૩) દીવડી ટાપુ (૧૪) સામીયાણી ટાપુ (૧૫) નોરૂ ટાપુ (૧૬) માન મરૂડી ટાપુ (૧૭) લેફા મરૂડી ટાપુ (૧૮) લંધા મરૂડી ટાપુ (૧૯) કોઠાનું જંગલ ટાપુ (૨૦) ખારા મીઠા ચુષ્ણામ ટાપુ (૨૧) કુડચલી ટાપુ (ક્રમ ૧ થી ૫ મહેસુલી હકુમત ખંભાળીયા, ૬ થી ૮ મહેસુલી હકુમત કલ્યાણપુર, ૯ થી ૨૧ મહેસુલી હકુમત દ્વારકા) ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ – ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.



ગુજરાત વિદ્યાપીઠ બોયઝ હોસ્ટેલના રૂમ નંબર ૪૧ માંથી દારૂ મળી આવતા રૂમને શીલ મરાયું હતુ...

### ચાલુ મહિનામાં મેલેરિયાના ૨૪ કેસ, ડેન્ગ્યુના ૮૭ કેસ નોંધાયા

# અમદાવાદ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગ વધ્યા

| અમદાવાદ, તા.૯ |

રાજ્યમા ચોમાસા બાદ અનેક શહેર અને ગામડાઓમાં પાણી જન્ય અને મચ્છર જન્ય તેમજ કન્જકટીવાઈટીસ રોગ વકર્યા છે. ત્યારે અમદાવાદમા પણ રોગચાળો ફાટી નિકળ્યો છે. શહેરમાં ચાલુ મહિનામાં મેલેરિયાના ૨૪ કેસ, ડેન્ગ્યુના ૮૭ કેસ, ચિકન ગુનિયાના ૩ કેસ, ઝાડા ઉલ્ટીના ૨૫૫ કેસ કમળાના ૨૮ કેસ ટાઈફોઈડના ૧૧૪ કેસ સામે આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસા બાદ ગંદકી અને વાતાવરણના ફેરફારને લઈ મચ્છરોના બ્રિડીંગમાં વધારો થાય છે. જેને લઈને મચ્છર જન્ય રોગોમાં વધારો જોવા મળે છે. આ સાથે ચોમાસામાં દરમિયાન પીવાના પાણીમાં દૂષિત પાણી ભળતા પાણી જન્ય રોગોમાં પણ વધારો જોવા મળે છે. ચોમાસાની સિઝન બાદ રાજ્યના શહેરો અને ગામડોઓમાં આંખ આવવાના કન્જકટીવાઈટીસ રોગ વકર્યો છે. ત્યારે અમદાવાદમાં પણ આંખ આવવાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. હાલની પરિસ્થિતિની વાત કરવામાં આવે તો શહેરમાં હાલ દરરોજના ૧ હજારથી પણ વધુ કન્જકટીવાઈટીસના કેસ નોંધાઈ રહ્યા છે. જો શહેરમાં અત્યાર સુધીના નોંધાયેલા કેસ ઉપર નજર કરવામાં આવે તો કન્જકટીવાઈટીસના ૬૦ હજાર કેસ નોંધાઈ ચુક્યા છે. જેને લઈને અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગે ૧ લાખ કરતા પણ વધારે આંખના ટીપ ાનું વિતરણ કર્યુ છે.

### એન્ટી કરપ્શન બ્યૂરો દ્વારા ધરપકડ કરી

# માણસા પોલીસ સ્ટેશનના ASI ૬૦૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

| ગાંધીનગર, તા.૯ |

માણસા પોલીસ સ્ટેશનના ડી સ્ટાફના ASI ૬૦૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાતા એન્ટી કરપ્શન બ્યૂરો દ્વારા ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લાંચિયા અધિકારીની ઓળખ મુકેશસિંહ અણદુસિંહ વાઘેલા તરીકે થઈ છે. મુકેશસિંહે ફરિયાદી પાસેથી લાંચ માગી હતી. જો કે, ફરિયાદી રૂપિયા દેવા માંગતો ન હોવાથી ACBને જાણ કરતા ટ્રેપ ગોઠવવામાં આવી હતી. જેમાં મુકેશસિંહ ફરિયાદી પાસેથી આ રૂપિયા લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. ACB ટ્રેપની વિગતો અનુસાર આ કામના ફરિયાદીના કાકા ઉપર માણસા પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેને ગુનાના કામે હાજર કરી, માર ન મારવા અને જામીન ઉપર છોડવાના અવેજ પેટે આ આરોપી ASI મુકેશસિંહે ફરિયાદી પાસેથી ૬૦૦૦૦ રૂપિયા માગ્યા હતા. જે લાંચના નાણાં ફરિયાદી આપવા માંગતા ન હોઈ, ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. જેથી આજરોજ લાંચના છટકા દરમિયાન ફરિયાદી સાથે આરોપીએ હેતુલક્ષી વાતચીત કરી લાંચના ૬૦૦૦૦ સ્વીકારતા પકડાઈ ગયા હતા. આરોપીને એ.સી.બી.એ ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યમાં એક જ દિવસમાં વધુ ૧૧૧૩ કરોડ રૂપિયાના રોકાણો માટે વધુ ૪ MoU થયાં

| અમદાવાદ, તા.૯ |

મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યા છે. આ વાયબ્રન્ટ સમિટ દેશ-વિદેશનાં રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MoU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો છે.આ ઉપક્રમનાં ત્રીજાતબક્કામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગગૃહો દ્વારા રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. ૧૧૧૩કરોડના કુલ રોકાણો સાથે ૪ જેટલા MoU મંગળવાર, ૮ ઓગષ્ટે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. કેમિકલ સેક્ટરમાં કુલ ૩૦૦ કરોડ રૂપિયાના રોકાણો માટે ૧ ઉદ્યોગગૃહે MoU કર્યા હતા. તદ્દનુસાર, મેઘમણી ક્રોપ ન્યુટ્રીશન લિમિટેડ સાણંદમાં નેનો પ્રવાહી ખાતરનો પ્લાન્ટ ૨૦૨૫-૨૬ સુધીમાં શરૂ કરશે. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ MoU પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદરે રાજ્ય સરકાર વતી અને ઉદ્યોગગૃહોના સંચાલકો વતી તેમના વરિષ્ઠ CEO, MD વગેરેએ હસ્તાક્ષર કર્યા હતા. પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા આ MoU સાઈનીંગના ઉપક્રમની ત્રણ કડીમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂ. ૩૮૭૪ કરોડના રોકાણોના ૧૪MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ સાડા નવ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે. તદ્દનુસાર, ટેક્ષટાઈલ સેક્ટરમાં-૨૧૦૦, એન્જિનિયરીંગ સેક્ટરમાં-૭૦૦, ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં-૫૦૦ અને કેમિકલ સેક્ટરમાં-૩૦૮૫ સંભવિત રોજગાર અવસરોનું સર્જન થશે. રાજ્યમાં સરળતાએ ઉદ્યોગો શરૂ કરી શકાય તેવું પ્રો-એક્ટીવ એડમીનીસ્ટ્રેશન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં છે તેની આ ઉદ્યોગકારોએ સરાહના કરી હતી. મંગળવારે ૮ ઓગષ્ટે થયેલા MoU અનુસાર સાણંદ, ડેસર-વડોદરા, પીપોદરા-સુરત તેમજ વલસાડના ડુંગરીમાં ૨૦૨૪-૨૫-૨૬ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટે ચાર MoU થયા છે. આ MoU અનુસાર વન્ડર સિમેન્ટ લિમિટેડ ગુજરાતમાં પોતાનો પ્રથમ પ્રોજેક્ટ ડેસર તાલુકાના તુલસી ગામમાં રૂ. ૫૫૦ કરોડના રોકાણ સાથે શરૂ કરશે અને પચાસ લોકોને રોજગારી આપશે. આ ઉપરાંતહમીવેવેલનપ્રાઈવેટલિમિટેડસુરતના માંગરોળ તાલુકાના પીપોદરામાં વિસ્કોસ સ્ટેપલ યાર્ન અને પોલિસ્ટર સ્ટેપલ યાર્નનો પ્રોજેક્ટ ૧૧૪ કરોડ રૂપિયાના રોકાણથી શરૂ કરવાની છે.

## વિશેષ લેખ

### ચંદ્રયાન-૩ ૯મી ઓગસ્ટે ચંદ્રની નજીક આવશે

# હવે અવકાશયાનની ભ્રમણકક્ષા ગોળાકાર થતી જશે

## મોકલેલી ચંદ્રની તસવીરમા નાના નાના અસંખ્ય ઉલ્કાકુંડો દેખાયા : ચંદ્ર વાદળી-લીલા રંગનો દેખાયો



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

ભારતના ચંદ્રયાન-૩ અવકાશયાને ૨૦૨૩ની ૫,ઓગસ્ટે સાંજે ૭ :૧૫ વાગે ચંદ્રની ભ્રમણકક્ષામાં સફળ અને સરળ પ્રવેશ કર્યો હતો.સાથોસાથ પૃથ્વીપુત્ર ચંદ્રની ધરતીની સાફસુથરી તસવીર પણ મોકલી રહ્યું છે. ચંદ્રની તસવીરમા નાના નાના અસંખ્ય ઉલ્કાકુંડો પણ સ્પષ્ટ રીતે દેખાયા છે.મોકલેલી ચંદ્રની તસવીરમા નાના નાના અસંખ્ય ઉલ્કાકુંડો દેખાયા છે અને ચંદ્ર વાદળી-લીલા રંગનો દેખાયો છે.

ઈસરોએ ૬, ઓગસ્ટે ચંદ્રયાન -૩ ની ભ્રમણકક્ષામાં પહેલી જ વખત ઘટાડો કર્યો હતો. ચંદ્રયાન -૩ની ભ્રમણકક્ષા તબક્કાવાર ઘટી રહી હોવાથી અવકાશયાન પણ તબક્કાવાર ચંદ્રની ધરતી નજીક જઈ રહ્યું છે. ચંદ્રયાન -૩ હાલ ચંદ્રની ધરતીથી ૧૭૦ બાય ૪૩૧૩ કિલોમીટરના અંતરે છે. હવે ૯, ઓગસ્ટે, બપોરે ૧ થી ૨ દરમિયાન ચંદ્રયાન -૩ ની ભ્રમણકક્ષામાં બીજો અને વધુ મહત્વનો ઘટાડો કરવામાં આવશે. આ રીતે ચંદ્રયાન -૩ અવકાશયાનની પાંચ-છ ભ્રમણકક્ષામાં તબક્કાવાર ઘટાડો થશે. ૧૭, ઓગસ્ટે અવકાશયનનાં લેન્ડર મોડયુલ (એલએમ) અને પ્રપલ્ઝન મોડયુલ(પીએમ) છૂટાં પડશે. આ તબક્કે વિક્રમ લેન્ડર ચંદ્રની સપાટી તરફ આગળ વધતાં પહેલાં ૧૦૦ બાય ૩૦ કિલોમીટરની સૌથી નાની ભ્રમણકક્ષામાં રહેશે. ત્યારબાદ ૨૩, ઓગસ્ટે ૧૦૦ બાય ૩૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં રહીને ચંદ્રની ધરતી પર સલામત રીતે ઉતરવા આગળ વધશે. વિક્રમ લેન્ડર ૨૦૨૩ની ૨૩, ઓગસ્ટે સાંજે ૫ : ૪૭ વાગે ચંદ્રના દક્ષિણ ધ્રુવનાં નિશ્ચિત કરેલાં બેમાંથી કોઈપણ એક સ્થળ પર ઉતરશે.

ઈસરોએ જણાવ્યું છે કે ચંદ્રયાન-૩ને ચંદ્રની ભ્રમણકક્ષામાં દાખલ કર્યાના એક દિવસ બાદ તેને તેની નજીક પહોંચાડવાની કવાયત સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે. ઈસરોએ કહ્યું કે, તે આ પ્રકારની આગામી કવાયત ૯ ઓગસ્ટે કરશે. ઈસરોએ એક ટ્વિટમાં કહ્યું, 'અવકાશયાન ચંદ્રની નજીક જવા માટે પ્રસ્તાવિત પ્રક્રિયા પૂર્ણ કરી છે. એન્જિનોના 'રેટ્રોફાયરિંગ'એ તેને ચંદ્રની સપાટીની નજીક પહોંચાડ્યું છે, એટલે કે હવે ૧૭૦ કિમી બાય ૪,૩૧૩ કિમી.

વધુ ત્રણ પ્રક્રિયા ૧૭ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ત્યાર બાદ લેન્ડિંગ મોડ્યુલ 'પ્રોપલ્શન મોડ્યુલ'થી અલગ થશે. આ પછી લેન્ડર પર 'ડી-ઓર્બિટિંગ' કવાયત કરવામાં આવશે. આ પછી ચંદ્રની સપાટી પર ઉતરતા પહેલા લેન્ડર પર 'ડી-ઓર્બિટિંગ' કવાયત હાથ ધરવામાં આવશે. ઈસરો અનુસાર, તે ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર 'સોફ્ટ લેન્ડિંગ' કરશે.

ચંદ્રયાન-૩ને ૯ ઓગસ્ટે બપોરે ૨ વાગ્યાની આસપાસ ત્રીજા ચંદ્ર ભ્રમણકક્ષામાં દાખલ કરવામાં આવશે. આ પછી ૧૪ ઓગસ્ટ અને ૧૬ ઓગસ્ટે તેને અનુક્રમે ચોથા



અને પાંચમી ભ્રમણકક્ષામાં લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે.વધુ ત્રણ પ્રક્રિયા ૧૭ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ત્યાર બાદ લેન્ડિંગ મોડ્યુલ 'પ્રોપલ્શન મોડ્યુલ'થી અલગ થશે. આ પછી લેન્ડર પર 'ડી-ઓર્બિટિંગ' કવાયત કરવામાં આવશે. આ પછી ચંદ્રની સપાટી પર ઉતરતા પહેલા લેન્ડર પર 'ડી-ઓર્બિટિંગ' કવાયત હાથ ધરવામાં આવશે. ઈસરો અનુસાર, તે ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપ ાટી પર 'સોફ્ટ લેન્ડિંગ' કરશે.

ચંદ્રયાન-૩ને ૯ ઓગસ્ટે બપોરે ૨ વાગ્યાની આસપાસ ત્રીજા ચંદ્ર ભ્રમણકક્ષામાં દાખલ કરવામાં આવશે. આ પછી ૧૪ ઓગસ્ટ અને ૧૬ ઓગસ્ટે તેને અનુક્રમે ચોથા અને પાંચમી ભ્રમણકક્ષામાં લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે. ચંદ્રયાન-૩ને ૯ ઓગસ્ટે બપોરે ૨ વાગ્યાની આસપાસ ત્રીજા ચંદ્ર ભ્રમણકક્ષામાં દાખલ કરવામાં આવશે. આ પછી ૧૪ ઓગસ્ટ અને ૧૬ ઓગસ્ટે તેને અનુક્રમે ચોથા અને પાંચમી ભ્રમણકક્ષામાં લઈ જવાનો પ્રયાસ કરવામાં આવશે. ૬,ઓગસ્ટના રોજ લગભગ ૧૧ વાગ્યે ચંદ્રયાનની ભ્રમણકક્ષા પ્રથમ વખત ઘટાડવામાં આવી હતી. આ યાન હાલમાં ચંદ્રની ૧૭૦ કિમી ટ ૪૩૧૩ કિમીની ભ્રમણકક્ષામાં છે. એટલે કે, તે એવી લંબગોળ ભ્રમણકક્ષામાં આગળ વધી રહ્યું છે જેમાં ચંદ્રથી તેનું લઘુત્તમ અંતર ૧૭૦ દ્બદ્બ અને મહત્તમ અંતર ૪૩૧૩ Km છે.

જ્યારે ચંદ્રયાન ૧૬૪ કિમી ટ ૧૮,૦૭૪ કિમીની ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું ત્યારે તેના ઓનબોર્ડ કેમેરાએ ચંદ્રની તસવીરો કેદ કરી હતી. ઈસરોએ તેનો વીડિયો બનાવીને તેની વેબસાઈટ પર શેર કર્યો છે. આ તસવીરોમાં ચંદ્રના ખાડા સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

**જ્યારે ચંદ્રયાન ભ્રમણકક્ષામાં ચંદ્રની સૌથી નજીક હતું ત્યારે થ્રસ્ટર્સે ફાયરિંગ કર્યું હતું**

ISRO એ માહિતી આપી હતી કે પેરીલ્યુન ખાતે રેટ્રો-બર્નિંગ મિશન ઓપરેશન્સ કોમ્પ્લેક્સ (MOX), ISTRAC, બેંગલુરુમાંથી આદેશ આપવામાં આવ્યો હતો.

**પેરીલ્યુન એ બિંદુ છે જે ચંદ્રની ભ્રમણકક્ષામાં યાન ચંદ્રની સૌથી નજીક છે. રેટ્રો-બર્નિંગ વાહનના થ્રસ્ટર્સ વિરુદ્ધ દિશામાં ફાયર કરે છે. વાહનની ગતિ ધીમી કરવા માટે થ્રસ્ટર્સ વિરુદ્ધ દિશામાં ફાયર કરવામાં આવે છે.**

ટ્રાન્સલ્યુનર ઈન્જેક્શન માટે થોડા સમય માટે એન્જિનને શરૂ કર્યું હતું.ટ્રાન્સલ્યુનર ઈન્જેક્શન માટે, બેંગલુરુમાં ઈસરોના મુખ્યાલયના વૈજ્ઞાનિકોએ થોડા સમય માટે ચંદ્રયાનનું એન્જિન શરૂ કર્યું. જ્યારે ચંદ્રયાન પૃથ્વીથી ૨૩૬ કિલોમીટરના અંતરે હતું ત્યારે એન્જિન ફાયર કરવામાં આવ્યું હતું. ઈસરોએ કહ્યું- ચંદ્રયાન-૩ પૃથ્વીની આસપાસ પોતાની પરિક્રમા પૂરી કરીને ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. ઈસરોએ અવકાશયાનને ટ્રાન્સલ્યુનર ઓર્બિટમાં મૂક્યું છે.

**લેન્ડર અને રોવરનો ઉપયોગ ચંદ્ર પર ૧૪ દિવસ સુધી કરવામાં આવશે**

ચંદ્રયાન-૩માં લેન્ડર, રોવર અને પ્રોપલ્શન મોડ્યુલ છે. લેન્ડર અને રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઊતરશે અને ત્યાં ૧૪ દિવસ સુધી પ્રયોગો કરશે. પ્રોપલ્શન મોડ્યુલ ચંદ્રની ભ્રમણકક્ષામાં રહીને પૃથ્વી પરથી આવતા રેડિયેશનનો અભ્યાસ કરશે. આ મિશનથી ISRO એ શોધી કાઢશે કે ચંદ્રની સપાટી પર ભૂકંપ કેવી રીતે આવે છે. તે ચંદ્રની જમીનનો પણ અભ્યાસ કરશે.

## દુનિયાના ૯૨ દેશો સાયકલ ચલાવી માપી લીધા

। નવી દિલ્હી, તા.૯ ।

ઈચ્છાશક્તિની સામે વિશ્વનો દરેક પડકાર વામન સાબિત થાય છે. આ ઈચ્છાશક્તિથી સાયકલ બાબા તરીકે ઓળખાતા હરિયાણાના ડૉ.રાજ સાઈકલ પર દુનિયા ફરવા નીકળ્યા છે. અત્યાર સુધીમાં તેમણે પોતાની સાયકલ વડે ૯૨ દેશોને માપી લીધા છે. ડૉ. રાજ ઉર્ફે સાયકલ બાબા કરનાલ પહોંચ્યા હતા. આ વાતચીતમાં તેમણે જણાવ્યું કે ૨૦૩૦ સુધીમાં તેમણે આખી દુનિયા ફરવાનું લક્ષ્ય રાખ્યું છે. અહીં મહત્ત્વની વાત એ છે કે સાયકલથી દુનિયાને માપવા પાછળ તેમના ઘણા ઉમદા વિચારો છે. ડૉ. રાજ યાત્રા દરમિયાન લોકોને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપે છે. સાયકલ બાબાએ 'વ્હીલ્સ ફોર ગ્રીન' થીમ સાથે ૫ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ફતેહાબાદ જિલ્લાથી તેમની રાઈડ શરૂ કરી હતી અને અત્યાર સુધીમાં એક લાખ કિલોમીટરનું અંતર કાપ્યું છે. ફતેહાબાદ નિવાસી ડૉ. રાજ અત્યાર સુધી ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, વિયેતનામ, કંબોડિયા, નેપાળ, સિંગાપોર, થાઈલેન્ડ, મલેશિયા, લાઓસ, ઈન્ડોનેશિયા, તાઈવાન, જાપાન, કોરિયા, હોંગકોંગ, ચીન, ઓમાન, ઈરાન, અઝરબૈજાન, તુર્કી, મકાઉ, ફિલિપાઈન્સ, જ્યોર્જિયા, યુકે, નેધરલેન્ડ જેવા દેશોમાં પહોંચી ગયા છે. તેમણે યુરોપના ૧૫ દેશો પૂરા કર્યા અને પછી સ્કોટલેન્ડ ગયા હતા. તેમણે આગળ કહ્યું કે તેઓ ફરીથી યુરોપમાં એંટર થયા છે કારણ કે તેઓ યુરોપમાં માત્ર ત્રણ મહિના રહી શકે છે, તેનાથી વધુ રહી શકે નહીં. તે અત્યાર સુધીમાં ૯૨ દેશોમાં ગયો છે. તેમણે આફ્રિકાના ઘણા દેશોની યાત્રા પણ કરી છે. તેમનો સંદેશ પર્યાવરણ બચાવવાનો છે અને તેના કારણે તેઓ આ રાઈડ કરી રહ્યા છે તેમનું માનવું છે કે આખી દુનિયામાં પર્યાવરણની સમસ્યા છે, જેના માટે આપણે બધાએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. રાજે કહ્યું કે તેમની મુસાફરી હજુ ચાલુ છે. તે પોતાની સાયકલ વડે આખી દુનિયાને માપવા નીકળી પડ્યા છે.તેમણે આફ્રિકાના ઘણા દેશોની યાત્રા પણ કરી છે. તેમનો સંદેશ પર્યાવરણ બચાવવાનો છે અને તેના કારણે તેઓ આ રાઈડ કરી રહ્યા છે તેમનું માનવું છે કે આખી દુનિયામાં પર્યાવરણની સમસ્યા છે, જેના માટે આપણે બધાએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. રાજે કહ્યું કે તેમની મુસાફરી હજુ ચાલુ છે. તે પોતાની સાયકલ વડે આખી દુનિયાને માપવા નીકળી પડ્યા છે.



નવી દિલ્હીમાં ITO ખાતે પુન : વિકાસિત 'શહીદી પાર્ક' ખાતે સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમાઓ...

### ઓપરેશનલ ડ્યુટી પર તૈનાત હતા

## સિક્કિમમાં સેનાના બે જવાન શહીદ, મોતનું કારણ સ્પષ્ટ નથી

। નવી દિલ્હી, તા.૯ ।

દેશના ઉત્તર પૂર્વ રાજ્ય સિક્કિમમાં સેનાના બે જવાન શહીદ થયા છે. મંગળવારે (૮ ઓગસ્ટ) સાંજે, સેનાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે હવાલદાર એસ મૈતી અને નાઈક પરવે કિશોર પૂર્વ સિક્કિમમાં ઓપરેશનલ ડ્યુટી દરમિયાન શહીદ થયા હતા. જોકે તેમના મૃત્યુનું કારણ સ્પષ્ટ રીતે જાણી શકાયું નથી. સેનાએ માત્ર એટલું જ માહિતી આપી છે કે ઓપરેશનલ ડ્યુટી દરમિયાન વાહન ચલાવતા બંને સેનાના જવાનોના મોત થયા હતા. જવાનોની શહાદતને લઈને સેના તરફ નિવેદન જારી કરવામાં આવ્યું હતું. જેમાં સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે પૂર્વ સિક્કિમમાં ઓપરેશનલ ડ્યુટી દરમિયાન વાહન ચલાવતી વખતે હવાલદાર એસ મૈતી અને નાઈક પરવે કિશોરે જીવ ગુમાવ્યા છે. સેના દેશની સરહદો અને અન્ય સંવેદનશીલ સ્થળો પર તૈનાત છે અને સંજોગો અનુસાર ભારતના દુશ્મનો સાથે કામ કરવા માટે પણ કામ કરે છે.

### ૨૦ ઓગસ્ટના રોજ અંજુના પાકિસ્તાન વિઝા ખતમ થઈ રહ્યા હતા

## ભારતથી પાકિસ્તાન ગયેલી અંજુ એક વર્ષ માટે ત્યાં જ રહેશે

### નસરુલ્લાહ વીડિયોમાં અંજુને પોતાની પત્ની પણ સ્વીકારી રહ્યો છે

। ઈસ્લામાબાદ, તા.૯ ।

ભારતથી પોતાના પ્રેમીને મળવા માટે પાકિસ્તાન ગયેલી અંજુ હવે એક વર્ષ સુધી ત્યાં જ રહેશે. તેના પાકિસ્તાનના પતિ નસરુલ્લાહે ખુદ આ વાતની પુષ્ટિ કરી હતી. અંજુના વિઝા પાકિસ્તાની સરકારે એક વર્ષ માટે વધારી દીધા છે. આ સમાચાર સામે આવતા જ વિદેશ નીતિના જાણકારોના મનમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. એ સવાલ છે કે, અંજુ એક મહિનાના વિઝા પર પાકિસ્તાન ગઈ હતી, હવે તે અહીં એક વર્ષ સુધી રહેશે. આવી સ્થિતિમાં હવે તેનું ભારતમાં પરત ફરવાનું મુશ્કેલ બની ગયું છે. અંજુ પર મહેરબાન પાકિસ્તાનની સરકાર આખરે આવું કરીને શું સાબિત કરવા માગે છે, જાણકરોને કંઈ સમજ પડી રહી નથી. ૨૦ ઓગસ્ટના રોજ અંજુના પાકિસ્તાનના વિઝા ખતમ થવા જઈ રહ્યા હતા. થોડા દિવસો પહેલાં અંજુના વિઝા બે મહિના માટે વધારી દેવામાં આવ્યા હતા. પરંતુ ત્રણ જ દિવસમાં તેના વિઝા એક વર્ષ માટે વધારી દીધા હોવાના રિપોર્ટ સામે આવ્યા છે. જે પાકિસ્તાન સરળતાથી ભારતીયોને વિઝા સુધી નથી આપતું તે આટલી સરળતાથી અંજુના વિઝા એક વર્ષ માટે વધારી દે એ વાત ગળે ઉતરી રહી નથી. નસરુલ્લાહનો વધુ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. જેમાં તે



એક શખસને કહી રહ્યો છે કે, તે ગૃહ મંત્રાલય આવ્યો હતો, વિઝા વધારવા માટે. તેના વિઝા હવે વધારી દેવામાં આવ્યા છે. નસરુલ્લાહ વીડિયોમાં અંજુને પોતાની પત્ની પણ સ્વીકારી રહ્યો છે. આવી સ્થિતિમાં અંજુ ભારત આવશે, એ વાત પર શંકા વધી છે. અંજુના નિકાહ થોડા સમય પહેલાં નસરુલ્લાહ સાથે થયા છે. તેને ગણી ગિફ્ટ અને લાખો રુપિયાના ચેક પણ મળ્યા છે. અંજુની આવતી આગતા સ્વાગતા વિદેશ નીતિના જાણકારોને હેરાન કરી રહી છે. તેમનું માનીએ તો આઈએસઆઈનો આ ખેલ હોઈ શકે છે, જે અંજુના બહાને રમાઈ રહ્યો છે. કૂટનીતિના જાણકારોનું માનીએ તો આવું કરીને પાકિસ્તાન પ્રોપેગેન્ડા વોરમાં પોતાને આગળ બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તો પોતાની છબી સુધારવાનો પણ એક પ્રયાસ હોઈ શકે છે, જેને આઈએસઆઈ આગળ વધારી રહી છે. છેલ્લાં કેટલાંક દિવસોથી અંજુ પણ મીડિયા સામે આવી રહી નથી. માત્ર નસરુલ્લાહ જ જવાબો આપતો નજરે પડી રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે, અંજુને આ બધાથી દૂર રાખવામાં આવી રહી છે.

રક્ષા વિશેષજ્ઞોનું કહેવું છે કે, આઈએસઆઈના ઈશારા પર અંજુ ચાલી રહી છે. અંજુના ભારતીય પતિ અરવિંદે પણ કંઈક આવી જ વાત કરી છે. જે બાદ પાકિસ્તાનની મંસા પર શંકા થઈ રહી છે. અરવિંદનું માનીએ તો અંજુથી લગભગ ચાર દિવસ પહેલાં મેસેજથી વાત થઈ હતી. તે ઓનલાઈન આવતી હતી, તેને મેસેજ કરતી હતી અને પછી ડિલીટ કરી દેતી હતી. અંજુની આસપાસમાં કેટલાંક લોકો છે કે જે તેના પર નજર રાખી રહ્યા છે. તે પોતાનો મોબાઈલ ફોન પણ યુઝ કરી શકતી નથી. રક્ષા વિશેષજ્ઞોનું કહેવું છે કે, આઈએસઆઈના ઈશારા પર અંજુ ચાલી રહી છે. અંજુના ભારતીય પતિ અરવિંદે પણ કંઈક આવી જ વાત કરી છે. જે બાદ પાકિસ્તાનની મંસા પર શંકા થઈ રહી છે. અરવિંદનું માનીએ તો અંજુથી લગભગ ચાર દિવસ પહેલાં મેસેજથી વાત થઈ હતી. તે ઓનલાઈન આવતી હતી, તેને મેસેજ કરતી હતી અને પછી ડિલીટ કરી દેતી હતી. અંજુની આસપાસમાં કેટલાંક લોકો છે કે જે તેના પર નજર રાખી રહ્યા છે. તે પોતાનો મોબાઈલ ફોન પણ યુઝ કરી શકતી નથી.

### લો બોલો ગજબની નોકરી!

## બસ ખાલી રમવાની છે ગેમ, દર અઠવાડિયે મળશે ૩.૫ લાખ

### ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, વૈશ્વિક રમકડા અને મનોરંજન કંપની મેટેલ તેના પ્રથમ મુખ્ય UNO પ્લેયરની શોધમાં છે

। નવી દિલ્હી, તા.૯ ।

તમે દુનિયામાં એક અજીબોગરીબ નોકરી સાંભળી હશે, પરંતુ આ નોકરી જબરદસ્ત છે. જો તમે રમતો રમવાના શોખીન છો, તો તમારા માટે શ્રેષ્ઠ નોકરી અને પગારની માંગ કરશો નહીં. દર અઠવાડિયે ૩.૫ લાખ રૂપિયા મળશે. માત્ર એટલું જ કે તમારે ઓફિસમાં આવીને માત્ર ગેમ્સ જ રમવાની છે અને તે પણ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ. આખો દિવસ રમ્યો પણ નથી, ફક્ત ૪ કલાક તમારે ગેમ રમવા માટે ખર્ચવા પડશે.

શા માટે તે એક સ્વપ્ન જોબ નથી. શું તમે આ માટે અરજી કરવા માંગો છો. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, વૈશ્વિક રમકડા અને મનોરંજન કંપની મેટેલ તેના પ્રથમ મુખ્ય UNO પ્લેયરની શોધમાં છે. આ




માટે અરજીઓ મંગાવવામાં આવી છે. જો તમે UNO પ્રેમી છો તો તમારા માટે આ એક સુવર્ણ તક છે. તમારે ફક્ત UNO ક્વાટ્રો રમવાનું છે અને ચાહકોને નિયમો સમજાવવાનું છે. આ માટે કંપની દર અઠવાડિયે $4444 ચૂકવશે. આ માટે જેને પસંદ કરવામાં આવશે તે ન્યૂયોર્કની પિયર ૧૭ ઓફિસમાંથી કામ કરશે. કંપનીએ આ પોસ્ટ માટે કેટલીક લાયકાત નક્કી કરી છે. આવી વ્યક્તિનું વર્તન મિલનસાર હોવું જોઈએ. અને સૌથી મહત્વની વાત એ છે કે તેણે માત્ર UNOમાં જ નહિ પણ જોશની હદ સુધી લગાવ હોવો જોઈએ.

## કોઈ મિલ ગયાના રોહિતની જેમ રિતિક રોશનને પણ સિનિયર્સે કર્યો હતો હેરાન

। મુંબઈ, તા.૯ ।

રિતિક રોશન બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના બહુમુખી પ્રતિભાશાળી કલાકારોમાંથી એક છે. તેણે ૨૩ વર્ષ પહેલા 'કહો ના... પ્યાર હૈથી ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તેણે જીવનમાં ક્યારેય પાછું વળીને જોયું નથી. વર્ષોથી તેણે ઘણી હિટ ફિલ્મો આપી છે અને પોતાના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા છે. એક્શન હોય કે ડ્રામા, તેણે દરેક શૈલીની ફિલ્મોમાં તેની અભિનય કુશળતા બતાવી અને લોકો દ્વારા તેની પ્રશંસા કરવામાં આવી હતી. એટલું જ નહીં, તેની ફિલ્મ 'કોઈ.. મિલ ગયા?' ફેન્સને પણ તેના દિવાના બનાવી દીધા હતા. રોહિત મેહરાના પાત્રની આજે પણ ખૂબ ચર્ચા થાય છે, પરંતુ શું તમે જાણો છો કે, આ ફિલ્મમાં જે રીતે તેની સાથે વ્યવહાર કરવામાં આવ્યો હતો તેવો જ તેણે વાસ્તવિક જીવનમાં પણ સામનો કર્યો છે. ખરેખર, કોઈ.. મિલ ગયા?

### તેના પરિવાર સાથે કર્યું ડિનર

## Bigg Boss OTT 2માંથી આઉટ થતાં જ ફલકને મળ્યો અવિનાશ સચદેવ

। મુંબઈ, તા.૯ ।

બિગ બોસ ઓટીટી ૨ના ગ્રાન્ડ ફિનાલેના અઠવાડિયા પહેલા જ જેદ હદીદ અને અવિનાશ સચદેવ આઉટ થયા છે. બહાર આવતાં જ તેમણે ઈન્ટરવ્યૂ આપવાના શરૂ કરી દીધા છે. અવિનાશ સચદેવે ઈન્ટરવ્યૂમાં ફલક નાઝ વિશે વાત કરી હતી. અવિનાશે ખુલાસો કર્યો છે કે, તેણે 'બિગ બોસ ઓટીટી ૨'ના ઘરમાંથી બહાર આવતાં જ ફલક સાથે મુલાકાત કરી હતી. ફલકે અવિનાશ અને જૈદ બંનેને પોતાના ઘરે ડિનર માટે બોલાવ્યા હતા. અવિનાશ સચદેવ અને ફલક નાઝની મુલાકાત 'બિગ બોસ ઓટીટી ૨'ના ઘમાં થઈ હતી. અહીં જ બંને વચ્ચે મિત્રતા થઈ હતી અને સંબંધ ગાઢ બન્યો હતો. અવિનાશે તો ફલકને પોતાના દિલની વાત પણ કહી હતી. જોકે, એક્ટ્રેસ વિચારવા માટે સમય માગ્યો હતો. અવિનાશ આઉટ થયો એના થોડા દિવસ પહેલા જ ફલક શોમાંથી બહાર થઈ હતી. હવે અવિનાશ પણ 'બિગ બોસ ઓટીટી ૨'માંથી આઉટ થયો છે ત્યારે તે ફલકને મળવા તેના ઘરે પહોંચ્યો હતો. ફલક સાથેની મુલાકાત અંગે અવિનાશે કહ્યું, હા, મારી મુલાકાત ગઈકાલે ફલક સાથે થઈ હતી.

**વિશેષ**

### મિશન કાશ્મીર : ત્રાસવાદીઓનો સફાયો, ખાસ રણનિતી તૈયાર

# દોભાલ, ઢિલ્લોનની નિર્ણાયક ભૂમિકા

### કલમ ૩૭૦ની નાબુદીને ચાર વર્ષ : કલમ નાબુદ કરવાના મામલે મોદીની ટીમમાં તમામ કુશળ લોકોને જુદી જુદી ભૂમિકા અપાઇ ગઇ હતી

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબુદીને ચાર વર્ષનો ગાળો પુર્ણ થયો છે. જમ્મુ કાશ્મીરમાં અનેક ચીજોમાં સુધારો થયો છે. ત્રાસવાદી હિંસા ઘટી છે. પ્રવાસને વેગ મળ્યો છે. લોકોમાં નવી આશા જાગી છે. જો કે હજુ અનેક કામ કરવાના બાકી છે. લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટે વિવિધ પહેલ જરૂરી છે. કલમ ૩૭૦ની નાબુદી થઈ ગઈ છે. આને ચાર વર્ષ થયા છે. આમાં મોદી પ્રધાનમંડળની ટીમના ખાસ સભ્યો ઉપરાંત તમામ ટોપના અધિકારીઓ અને આર્મી ઓફિસર, રો ઓફિસર, રો પ્રમુખ સામંત ગોયલ, આબી પ્રમુખ અરવિન્દ કુમાર કેન્દ્રિય ગૃહ સંચિવ રાજીવ ગાબા, લેફ્ટીનેન્ટ જનરલ કેજેએસ ઢિલ્લોન, મુખ્ય સચિવ બીવીઆર સુબ્રમણ્યમ તેમજ રાજપાલ સત્યપાલ મલિકની પણ ભૂમિકા હતી. આ તમામે પોત પોતાની રીતે જોરદાર રીતે જે જવાબદારી સોંપવામાં આવી હતી તે અદા કરી હતી. સલાહકાર કે વિજય કુમારની પણ આમાં મોટી ભૂમિકા રહેલી છે. કે વિજય કુમાર એનએસએ અજિત દોભાલના સૌથી નજીકના વિશ્વાસુ પૈકી રહ્યા છે. મોટા ઓપરેશનને સફળ રીતે પાર પાડવામાં તેમની હમેંશા ભૂમિકા રહી છે. વર્ષ ૧૯૯૮થી ૨૦૦૧ વચ્ચે આઈજી બીએશએફ રહીને શ્રીનગરમાં એ વખતે કામ કર્યુ હતુ જ્યારે ત્રાસવાદી ગતિવિધી ચરમસીમા પર હતી. જુન ૨૦૧૮માં



સલાહકાર નિમાયા હતા. અનુભવનો ઉપયોગ કરીને કાશ્મીરની નીતિને સમજવામાં તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી. રણનિતી તૈયાર કરવામાં તેમની ભૂમિકા રહી હતી. આજે પરિણામ મળ્યા છે. વર્ષ ૨૦૦૪માં ચંદન ચોર વિરપ્પને લાંબી રણનિતી બનાવીને તેને મોતને ઘાટ ઉતારી દેવામાં તેમની રણનિતી હતી. ત્યારબાદ તેમની ગણતરી સારા રણનિતીકાર તરીકે થતી હતી. રો પ્રમુખલ સામંત ગોયલની પણ ભૂમિકા રહી છે. વર્ષ ૧૯૯૦માં પંજાબમાં જ્યારે ત્રાસવાદી પ્રવૃતિ ચરમસીમા પર હતી ત્યારે તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી. આઈબી પ્રમુખ અરવિન્દ કુમારની પણ ભૂમિકા રહેલી છે. ઈન્ટેલિજન્સ બ્યુરો પ્રમુખ આ પહેલા આ જ વિભાગમાં કાશ્મીર ડેસ્ક પર કાર્યરત હતા. તેમને જમ્મુ કાશ્મીરના એક એક વિસ્તારની પુરતી માહિતી રહેલી છે. અરવિન્દ કુમારે તમામ ગુપ્ત માહિતીની આપલે કરી હતી. કેન્દ્રિય ગૃહ સચિન રાજીવ ગાબાની પણ ભૂમિકા ઓછી નથી. લો પ્રોફાઈલ રહીને કેન્દ્રિય સ્તર પર તમામ રણનિતીકારો સાથે સંકલન જાળવી રાખીને કામ કર્યુ હતુ. કાશ્મીરમાં કોઈ પણ પ્રકારની ગતિવિધી પર બ્રેક મુકવા માટે રણનિતી તૈયાર કરી હતી. તમામ રાજ્યોને સમયસર પર સુચના આપીને એલર્ટ રાખ્યા હતા. કઈ જગ્યા પર કઈ રીતે સૈન્ય સુરક્ષા ગોઠવાશે તેની રણનિતી તૈયાર કરી હતી. તમામ રાજ્યોમાં કઈ રીતે ઈમરજન્સીને હાથ ધરવામાં આવશે. તેની તૈયારી કરી હતી. સરહદ પર ગોળીબાર કરીને ત્રાસવાદીઓના અડ્ડાને પહેલાથી જ ફુંકી મારવામાં લેફ્ટી. જનરલ કેજેએસ ઢિલ્લોન ખુબ સક્રિય રહ્યા છે. દક્ષિણ કાશ્મીરમાં ત્રાસવાદીઓનો ખાત્મો કરવામાં તેમની ભૂમિકા સૌથી મોટી રહી છે. સરહદ પર જોરદાર ગોળીબાર કરીને પાકિસ્તાની ગતિવિધી પર બ્રેક મુકી દીધી છે. પાકિસ્તાની બેટ ટીમ અને ઘુસણખોરોનો સફાયો કરવામાં તેમની સૌથી નિર્ણાયક ભૂમિકા રહી છે. પાકિસ્તાનને એ વાત ખબર જ પડવા દીધી નથી કે આખરે ચાલી શુ રહ્યુ છે. પાકિસ્તાનના વિદેશ પ્રધાન તો આના શાંતિ મંત્રણા સાથે જોડીને જોઈ રહ્યા હતા. રાજ્યપાલ મલિકની પણ ભૂમિકા નાની ન હતી. મલિકે કાશ્મીરમાં સામાન્ય લોકો સાથે સીધો સંપર્ક કર્યો હતો. પંચાયતને મજબુત કરવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્યની તમામ યોજનાઓને સામાન્ય લોકો સુધી પહોંચાડી દીધી હતી. જનતાના મનને સમજી લેવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ તમામમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને મોદીના સૌથી વિશ્વાસુ અજિત ડોભાલની પણ નિર્ણાયક ભૂમિકા રહી હતી. અમેરિકા, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના પગલા પર બાજ નજર રાખીને કાર્યવાહી કરવા માટેની પણનિતી તૈયાર કરી હતી. પંચાયતને મજબુત કરવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્યની તમામ યોજનાઓને સામાન્ય લોકો સુધી પહોંચાડી દીધી હતી. જનતાના મનને સમજી લેવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ તમામમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને મોદીના સૌથી વિશ્વાસુ અજિત ડોભાલની પણ નિર્ણાયક ભૂમિકા રહી હતી. અમેરિકા, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના પગલા પર બાજ નજર રાખીને કાર્યવાહી કરવા માટેની પણનિતી તૈયાર કરી હતી.

## તંત્રી લેખ...

# નશાને હવે સ્પષ્ટ ના

નશાને હવે સ્પષ્ટ ના કરવાનો સમય આવી ગયો છે. લઠ્ઠા કાંડની ઘટના વારંવાર સપાટી પર આવતી રહે છે. હવે આને રોકવા માટે નક્કર પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. કેટલાક રાજ્યો આ દિશામાં આગળ પણ વધ્યા છે. જો કે, મજબુત ઈચ્છાશક્તિના કારણે તેને રોકી શકાય છે. વિતેલા વર્ષોમાં પણ ઝેરી શરાબના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થઈ ચુક્યા છે. નશાના કારોબારની ચર્ચા હાલમાં જોવા મળી રહી છે. દેશના અન્ય ભાગોમાં પણ લઠ્ઠાકાંડની ઘટના બની રહી છે. થોડાક સમય પહેલા રાજસ્થાન હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો જે તમામ માટે દાખલાસમાન છે. કોર્ટે એ કામ કર્યુ હતુ જે કામ સરકારે કરવાની જરૂર હતી. હવે આનાથી શરમજનક બાબત કઈ હોઈ શકે જ્યારે જે કામ રાજ્ય સરકારોને કરવા જોઈએ તે કામ કોર્ટને કરવા પડી રહ્યા છે અને આ કામ પણ નશાની ટેવને છોડાવી દેવા માટેના છે. રાજસ્થાન હાઈકોર્ટે લાઈન્સ ધરાવતા એકમના માધ્યમથી ડોડા પોસ્ટના વેચાણ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકીને આ કામ કર્યું હતુ, જે ખરા અર્થમાં તો વર્ષો પહેલા થઈ જવાની જરૂર હતી. કોર્ટ દ્વારા ડોડા પોસ્ટથી નશાની ટેવ ધરાવતા લોકોને સરકારી તબીબોની સલાહ પર દવા તરીકે તેનો ઉપયોગ કરવા માટેની સુચના આપી હતી. આના માટે નશાની ટેવ નોંધાયેલા લોકોને દવા તરીકે ખોરાક આપવામાં આવનાર છે. છ વર્ષ પહેલા કેન્દ્ર સરકારે ૧૪ રાજ્યોમાં ડોડા પોસ્ટના વેચાણને નિયંત્રિત કરવા માટે અને વહેલી તકે તેના વેચાણ પર અંકુશ મુકવા માટે સુચના આપી હતી. છ વર્ષમાં રાજસ્થાન આ દિશામાં કોઈ સફળતા મેળવી શક્યું ન હતુ. આના બિલકુલ વિરુદ્ધમાં જિલ્લા વહીવટીતંત્ર મારફતે રાજ્ય સરકાર પાસે એવા અહેવાલ પહોંચતા રહ્યા હતા કે ડોડા પોસ્ટના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવશે તો મોટી સંખ્યામાં લોકો બિમાર થઈ જશે. આ પ્રકારના અહેવાલ રાજકીય દબાણ હેઠળ જારી કરવામાં આવતા હતા અથવા તો અન્ય કોઈ કારણસર આવતા હતા તે બાબત જુદી છે.તેને છોડી દેવામાં આવે તો પણ એ બાબતમાં તો ચોક્કસપણે તપાસ થવી જ જોઈએ કે ડોડા પોસ્ટના વેચાણને ચાલુ રાખવા માટે કોણ કોણ લોકો સામેલ રહ્યા છે. તેની પાછળ કોના હાથ રહેલા છે. ડોડા પોસ્ટની ટેવના કારણે મોટી સંખ્યામાં પરિવાર તબાહ થઈ ચુક્યા છે. આ બાબતે ફરી યાદ અપાવવાની કોઈ જરૂર દેખાતી નથી. પંજાબના મારફતે દેશના તમામ ભાગોમાં મોટા પ્રમાણમાં તેનો જથ્થો પહોંચે છે. આ બાબત પણ છુપાવવા જેવી હવે નથી. સરકારનુ કામ નશાની ટેવ ધરાવતા લોકોને આના બંધનમાંથી મુકત કરાવવાનુ છે. વોટના લાલચમાં તેને પ્રોત્સાહન આપવાની બાબત ખતરનાક છે અને લોકોની

### તરત જ થાક લાગે છે તો કેટલીક બાબત પર ધ્યાન જરૂરી છે

# બે સીઢી ચઢતા પણ થાક લાગે છે તો..

કેટલીક વ્યક્તિ સીઢીઓ પર ચઢતાની સાથે જ થાકી જાય છે. સીઢીઓ પર ચઢતી વેળા થાક લાગે તે સ્વાભાવિક છે. આ પ્રકારની બાબત તમામમાં જોવા મળે છે. જો આપને ત્રીજા અને ચોથા પ્લોપર પર જતી વેળા જ આ પ્રકારની થાકનો અનુભવ થાય છે તો કેટલીક બાબતપર ધ્યાન આપવાની જરૂર હોય છે. જો તમને ત્રીજા અથવા તો ચોથા માળ પર જતીવેળા થાક લાગે છે તો તે સામાન્ય રીતે દેખાતી તકલીફ છે. જો કે ત્રીજા અને ચોથા માળ પર જતી વેળા થાક મર્યાદિત પ્રમાણમાં રહે તે જરૂરી છે. કારણ કે ચોથા અને પાંચમા માળ સુધીપહોંચી ગયા બાદ થાક વધારે ન લાગવી તે સ્વસ્થ વ્યક્તિની નિશાની છે ફિટનેસની વાત કરવામાં આવે તો પણ સીઢીઓ ચઢતી અને ઉતરતી વેળા કેલોરી ખર્ચ થાય છે. સાથે સાથે ફેટ ઓગળે છે. જેથી અમને વધારે ઉર્જા લગાડવી પડે છે. જેથી અમને થાકનો અનુભવ થાય છે. પરંતુ જો બે ફ્લોર ચઢીને પણ અમે થાકી જઈએ છે તો સારા સંકેત નથી. તે આપની અંદર રહેલી કમજોરીને દર્શાવે છે. કોઈ વધારે મહેનત કર્યા બાદ શ્વાસ ફુલવાની બાબત સામાન્ય ઘટના છે. પરંતુ બે ફ્લોર ચઢતાની સાથે જ થાક લાગે તો આનો અર્થ એ થાય છે કે હાર્ટ પૂર્ણ રીતે સ્વસ્થ નથી. જેથી પોતાના કમજોર થતા હાર્ટને બિમાર થતા બચાવવા માટે કેટલાક પ્રયોગ કરવાની જરૂર હોય છે. કારણ કે આ સ્થિપી શરીરમાં ધીમે ધીમે વધી રહી છે. તે બિમારીઓના પ્રારભિક સંકેત તરીકે હોઈ શકે છે. કેટલીક વખત આ સમસ્યા એટલા માટે પણ હોય છે કે અમે ખુબ વધારે આળસુ જીવન ગાળવા લાગી ગયા છીએ. આ કારણે પણ થોડાક ચાલતા જ થાક લાગે છે. કેટલાક લોકોને સીઢી ચઢી ગયા બાદ માથુ ભારે થઈ જાય છે. માથુ ફરવા લાગે છે. આંખોની આગળ ધુંધ આવે છે. આ પ્રકારની સમસ્યા તમામ લોકો વાત કરતા રહે છે. જો તમારી સાથે પણ આવુ થાય છે તો તબીબોની સલાહ લેવી જોઈએ. કારણ કે આ સંકેત ગંભીર બીમારીના સંકેત હોઈ શકે છે. સાથે સાથે ડાયટ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે ભોજનથી આપને પોષણ મળે છે. જ્યારે શરીરને પુરતા પ્રમાણમાં પોષણ મળતુ નથી ત્યારે શરીરમાં કમજોરી આવે છે અને કેટલાક પ્રકારના રોગની શરૂઆત થઈ જાય છે. જેના કારણે થાક વધારે લાગે છે. આપને આ બાબતનુ ધ્યાન રાખવુ જોઈએ કે કોરોના અથવા તો લોકડાઉનના કારણે શારરિક ગતિવિધી ઘટી ન જાય. તમે ઘરની સીઢી ચઢીને પણ સ્વસ્થ રહી શકો છો. પોતાને એક્ટિવ રાખવાના તમામ પ્રયાસો કરવામાં આવે તે જરૂરી છે. યોગ કરી શકો છો. ઘરમાં અને છત પર વોક કરી શકો છો. સીઢીઓ ચઢતી વેળા શ્વાસ ફુલવાની બાબત યોગ્ય નથી. એકાએક માથુ ફરી જવુ, માથામાં હળવો દુખાવો અને બેભાન થવાની બાબત હાર્ટ અટેકના સંકેત હોઈ શકે છે. આપની તબિયત સારી નથી તેવા સંકેત જો હાર્ટથી મળી રહ્યા છે તો સાવધાની રાખવાની જરૂર હોય છે. સામાન્ય રીતે હાર્ટ અટેકના સંકેત તરીકે છાતીમાં જોરદાર દુખાવા અને પરસેવાને ગણવામાં આવે છે પરંતુ પરંતુ શ્વાસ ફુલવાની બાબત હાર્ટ અટેકના સંકેત તરીકે છે. જો તમને હાઈ કોલેસ્ટ્રોલસ હાઈ બીપી, સ્મોકિંગ અથવા તો ડાયાબિટીસ જેવી તકલીફ છે તો તરત જ મેડિકલ હેલ્પ લેવાની જરુર હોય છે. ભવિષ્યમાં થનાર હાર્ટ અટેકથી આના કારણે બચી શકાયછે. છાતીમાં થનાર દુખાવો હાર્ટ અટેકના સંકેત હોતા નથી. જો કે હાર્ટ અટેકના કેસમાં સામાન્ય રીતે પહેલા છાતીમાં દુખાવો થાય છે, અસ્વસ્થ હોવાનો અનુભવ થાય છે. હાર્ટ અટેકની પિડા સામાન્ય રીતે બ્રેસ્ટ બોનની નીચે હોય છે. તે છાતીના મધ્ય ભાગથી લેફ્ટ સાઈડ થાય છે. આ પિડા અસહનિય હોય છે. જો તમને છાતીમાં દુખાવાની સાથે સાથે પરસેવો થાય છે તો આને હળવાશમાં લેવાની જર નથી.

# જીવ દ્વારા જો યોગનું સાધન પસંદ કરવામાં આવે તો મુક્તિ તરફની ગતિ થાય છે, અને આભા વલયનું નિર્માણ થાય છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણી સનાતન હિન્દુ પરંપરામાં માનવી ત્રણ શરીર ધરાવે છે, સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ અને દરેકની પુષ્ટિ પણ બતાવી છે. સામાન્ય રીતે આપણે રૂપ અને સ્વરૂપ એવી વાત કરતા હોઈએ છીએ, માનવીય શરીરની પંચ કર્મેન્દ્રિયથી શરીર બને છે, અને તેની અમુક ખાસિયતો છે. દરેકે દરેક અંગનું એક એક કર્મ પણ બતાવ્યું છે, એમાં આંખ અને જીભ આ બંને અંગો એવા છે કે જે સુંદરતા અને સ્વાદ સતત શોધે છે, અને એને કારણે તે પરિસ્થિતિ મુજબ સમ રહી શકતા નથી. નજરને સતત કંઈને કંઈ એવી શોધ હોય છે, જેના દ્વારા એ પોતે કેમ વધુ ને વધુ સુંદર દેખાય, એવું કંઈક કરવા ઈચ્છે છે, અથવા એ રીતે સુંદર દેખાઈને પ્રશંસા મેળવવા ઈચ્છે છે. જીવન જરૂરિયાતને લગતી દરેક પ્રોડક્ટની જાહેરાત અને તેનો વેપાર માનવીની આ માનસિક નબળાઈ પર જ ધંધોકાર ચાલે છે. તો ક્યાંક ક્યાંક સરખામણી પણ કરતો જોવા મળે છે, અને એ રીતે સામેવાળામા સુંદરતા શોધે છે, અને એટલે જ આપણે ત્યાં કહેવત છે, કે સુંદરતા તો સામેવાળાની નજરમાં સમાયેલી છે, જો એને એ ગમી જાય તો પછી કોઈ તકલીફ હોતી નથી, એટલે કે ફરિયાદ ન થાય. સ્વાદનું પણ એવું જ છે દરેકના સ્વાદ અલગ અલગ હોય છે, અને એ મુજબ એની લાળ ટપકતી હોય છે, એટલે કોઈને ફરસાણ જોઈને મોઢામાં પાણી આવે, તો કોઈને મિષ્ટાન, અને કોઈ કડવા લીમડાનો રસ પણ મારી જેમ ફરિયાદ વગર પી જાય! અને આ બધું કંઈ આજકાલનું નથી, સદીઓથી ચાલ્યું આવ્યું છે. કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને તેનો સમાજ સાથે જ સતત વ્યવહાર છે. ટૂંકમાં કહીએ તો વર્તમાન પરિસ્થિતિ સમ કે વિષમ લાગવા માટે માનવીય તન એટલે કે શરીર એ બહુ પ્રભાવકારક પરિબળ છે, અને આ તનની આપણે ત્રણ પ્રકારની ગતિ વિશે આજે વાત કરવાની છે. સર્વ પ્રથમ તો ગતિ એટલે એક સ્થળેથી બીજે સ્થળે જવું, કે એક મુકામ થી બીજો મુકામ હાંસલ કરવો. એ રીતે જોઈએ તો આપણા ચરણ અત્યારે જ્યાં હોય ત્યાંથી બીજા સ્થળે પહોંચે તો એ શરીરની ગતિ છે. પરંતુ દરેક વખતે ચાલીને જવું એવું પણ જરૂરી નથી અને વિજ્ઞાન વિકાસના આ યુગમાં સ્કુટર,બાઈક, કાર, બસ, ટ્રેન, પ્લેન, વગેરે દ્વારા પણ આપણું શરીર ગતિ કરે છે, અને એ રીતે તેની જે ગતિ છે એ સ્થૂળ શરીરની ગતિ છે. આજે તો વૈજ્ઞાને એટલો બધો વિકાસ કર્યો છે, કે કલાકમાં તો માઈલોનાં માઈલોનું અંતર પ્લેન દ્વારા કપાઈ જાય છે. સ્થૂળ શરીરની ગતિમાં શરીર ગતિ કરે છે, પરંતુ શરીરમાં કોઈ ફેરફાર નોંધાતો નથી, એટલે કે આપણે જેવા હોઈએ તેવા જ બીજી જગ્યાએ પહોંચીએ છીએ. દાખલા તરીકે કોઈ વ્યક્તિ અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અમેરિકા જવા રવાના થાય તો એ અમેરિકા પહોંચે, ત્યારે એની ઉંમર અને તેનું કદ કાઠી બદલાતા નથી, આ રીતે સ્થૂળ શરીર પોતાના કામ માટે સતત અહીંથી અહીં દોડાદોડ કરે છે. દરેક વખતે એનું બહારના અન્ય પ્રદેશમાં જવું એને જ ગતિ કહેવાય છે એવું પણ નથી, અને આવી નાની મોટી ગતિ શરીરને ન કરવી હોય તો ફરિયાદ થાય, અથવા તો ક્યાંય જવા ન મળતું હોય, તો પણ ફરિયાદ થાય,કે મારી સાથેના બધા પ્લેનમાં ઉડે રાખે છે, અને મારે તો સાયકલ પણ નસીબ નથી, એવી પણ સરખામણી થાય, અને રીતે તનની આ પ્રકારની ગતિને કારણે પણ પરિસ્થિતિ વિષમ બને, જેમાં આપણે સમ થવાનું છે. આપણા સગા સબંધીમાં કે આડોશ પાડોશમાં કોઈને ત્યાં બાળકનો જન્મ થાય અને આપણે તેને રમાડવા જઈએ, તો કેટલું સુંદર અને માસુમ હોય કે એ ગમે તેવું દેખાતું હોય આપણને એને વહાલ કરવાનું મન થાય. જોગાનુજોગ એ લોકો અથવા તો આપણે લોકો ક્યાંક બીજે રહેવા ચાલ્યા જઈએ, અને પાંચ કે દસ વર્ષ પછી એનો ભેટો થાય તો આપણે બાળકને ઓળખી શકતા નથી, અને આપણને કહેવામાં આવે છે કે આ એ જ બાળક છે! તો અવસ્થાની રીતે પણ તનની ગતિ બતાવી છે, એટલે કે જન્મેલા બાળકની એક વર્ષ, બે વર્ષ, દસ વર્ષ, પછી વધુ વર્ષ એમ શારીરિક વૃદ્ધિ થાય. ઘોડિયામાં સૂતું હોય એવું ને એવું અને એટલું ને એટલું બાળક રહેતું નથી. આ ગતિમાં પણ વિરોધાભાસ જોવા મળે છે કારણ કે બધાનો જ એક સરખો શારીરિક વિકાસ થતો નથી, આથી કોઈ જાડુ થઈ જાય, તો કોઈ દુબળું જ રહે, કોઈ ઊંચું થાય, તો કોઈ નીચું રહે, કોઈ ગોરુ તો કોઈ કાળું! અને આ વિરોધાભાસ પણ એને સતત સરખામણી કરવા પ્રેરે છે, અથવા તો તેને પોતાની શરીરની આ રીતની ગતિ એટલે કે વૃદ્ધિથી સંતોષ નથી, ઘણાં એવું સ્પષ્ટ જાહેર પણ કરે છે. તો આજકાલના યુવાનો તો પોતાના માતા પિતા ને કહેતા પણ સાંભળવા મળે છે કે, તમે અમારા શારીરિક વિકાસમાં ધ્યાન આપ્યું નહીં, એટલે અમારી અમુક પ્રકારની નબળાઈ રહી ગઈ. ટૂંકમાં બહુ ઓછા છે કે જેને શરીર ને નામે જે કંઈ છે એનાથી ફરિયાદ નથી, અથવા ઓછી છે. માતાના ગર્ભમાં બાળકનો વિકાસ થયો અને જન્મ થયો ત્યારે એકદમ તંદુરસ્ત બાળક હતું, એટલે કે બિલકુલ નિરોગી. શારીરિક અવસ્થાના એક પછી એક મુકામે જો રંગ રાગ જોડાતા જાય, ભોગકારક વૃત્તિઓ વધતી જાય,અને જીભ નામના અંગ દ્વારા પોષણને નામે એવું કેટલુંય ગયું કે જે ઝેર હતું, અથવા તો એની માત્રા વધી ગઈ, અને આ રીતે તનમાં ભોગ દ્વારા રોગ પ્રવેશ્યો, અને તન એટલે કે શરીર રોગી બની ગયું, તો આ પણ શરીરની ગતિ છે, અને એ રીતે સુંદર દેખાતી આપણી કાયા ધીરે ધીરે કૃષ થવા લાગે છે, અથવા તો કોઈ વિકારને કારણે અન્ય રીતે કઢંગી બનતી જાય છે. કોઈ કોઈ વાર તો કેન્સર જેવા રોગ લાગુ પડે છે, કે શરીરના જે તે અંગમાં કેન્સર થયું હોય તો એ અંગ કાપી નાખવામાં આવે છે. આમ જન્મથી મૃત્યુ સુધી તન એટલે કે શરીર સ્થૂળ સૂક્ષ્મ અને કારણ ત્રણેય શરીરે ગતિ કરે છે. જેવી રીતે રોગ લાગુ પડ્યો અને શરીરની દુર્ગતિ થઈ એ જ રીતે યોગ લાગુ પડે, એટલે કે જીવનનું લક્ષ ફક્ત ભોગ નથી એવું સમજાય અને પરમાત્મા પ્રાપ્તિ માટે યોગનું સાધન પસંદ કરવામાં આવે યોગ કરવામાં આવે તો એ રીતે શરીરની મુક્તિ તરફની ગતિ એ તન એટલે કે શરીરના કારણ શરીરની ગતિ છે, અને એ આપણી આસપાસ આભા વલયનું નિર્માણ કરે છે, સાધનાના અંતિમ પડાવ પર સમાધિ એટલે કે સ્થૂળ શરીરને શાંત કરવાની વાત પણ છે, અને પરકાયા પ્રવેશની એક અનોખી સિદ્ધિની પણ વાત છે. પરંતુ આપણે તો ફક્ત આપણું પરમાત્મા એ આપેલું આ શરીર નીરોગી રહે એ માટે ભોગ પર સંયમન કરીએ અને યોગમાં બતાવ્યા મુજબ એક બે ડગલા આગળ ચાલીએ તો પણ પરિસ્થિતિ સાથે સમાધાન કરી શકીએ છીએ કે પછી સમ રહી શકીએ છીએ. આ રીતે તન ગતિ કરે છે એ જાણકારી ની રીતે તો આપણે સૌ જાણીએ જ છીએ, પણ છતાં ફરિયાદ તો છે જ! કારણ કે એ માત્ર માહિતી કે જાણકારી છે એમાં આપણો સ્વનો અનુભવ જોડી આપણે તેને જ્ઞાન બનાવીએ અને આ સુંદર માનવદેહ એ પરમાત્મા તરફથી મળેલી આપણને અમૂલ્ય ભેટ છે.

# "હત્યામાં કોઈ વીરતા નથી, એ તો હત્યારાઓનું કર્મ છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

સ્વર્ગીય ભાવનાઓથી ભરેલા ઋષિઓ, જ્યાં હોમ હવન કરતા હતા ઋષિઓથી જ આપણો અહીં ઉદભવ થયો, એ પૂર્વજોની કીર્તિનું વર્ણન બહુ અપાર છે, એમના ગુણો આપણે ગાતા નથી, જગત એમના ગુણગાન કરે છે.

૭૭મા સ્વતંત્ર દિવસની ઉજવણી નું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. રાજ્ય જિલ્લા તાલુકા કક્ષાની ઉજવણીનું સ્થળ અને ત્યાં કયા નેતા આગેવાનોની ઉપસ્થિતિમાં ઉજવણી થશે તે નક્કી થઈ ગયું છે.બસ હવે એ સમયની ઈન્તજાર છે.ત્યારે અમર શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવીએ જ આપણા માટે યોગ્ય કહેવાશે મને પસંદ પડેલી એક વાત અહીં શ્રદ્ધા સુમન રૂપે રજુ કરું છું.

દેશભક્ત ગણેશ શંકર વિદ્યાર્થિજી નાં આત્મ બલિદાનની ગાથા ખૂબ જ રસપ્રદ છે. દેશની સેવા કરવી અને ગરીબોને મદદ કરવી એ તેમના જીવનનું પવિત્ર વ્રત હતું; જેનું તેમણે જીવનભર પાલન કર્યું અને અંતે પોતાના જીવનનું બલિદાન આપીને એ વ્રત પૂર્ણ કર્યું. મહાત્મા ગાંધીના શબ્દોમાં કહીએ તો, "તેઓ મૃત્યુ પામ્યા નથી, તેઓ આજે પહેલા કરતાં વધુ ખરા અર્થમાં જીવિત છે. ,

૧૯૩૧ની વાત છે. ભગતસિંહને ફાંસી આપવાને કારણે કાનપુરમાં હડતાલ પડી હતી. લોકો પોતપોતાના કામ બંધ કરીને એકબીજાના માથા ફોડવાના અનોખા કાર્યમાં લાગી ગયા. હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે દુશ્મનાવટની એવી જ્વાળા હતી કે તમામ સંવાદિતા ભસ્મ થઈ ગઈ હતી. હિંદુઓ મુસલમાનોના અને મુસલમાન હિંદુઓના જીવનના ગ્રાહક બની ગયા હતા. તેઓના હૃદયમાં ઈર્ષ્યા અને નફરત એવી રીતે ભરાઈ ગઈ હતી કે કોઈ કોઈનું સાંભળવા તૈયાર નહોતું.

ગણેશ શંકર વિદ્યાર્થી પ્રતાપ ઓફિસમાં બેસીને કંઈક વિચારી રહ્યા હતા ત્યારે તેમના એક મિત્રએ આવીને કહ્યું, "ગણેશજી, તમે અહીં બેઠા છો અને શહેરમાં લોકો એકબીજાના માથા ફોડી રહ્યા છે." ગણેશજીએ કહ્યું, "આવું ?" અને તેઓ તરત જ. ખુલ્લા પગે ગયા. શહેરની સ્થિતિ ખરેખર વિચિત્ર બની રહી હતી. હિંદુઓ અને મુસ્લિમો પોતપોતાની ટોળકી બનાવીને એકબીજા પર હુમલો કરી રહ્યા હતા.જે વિસ્તારોમાં હિન્દુઓની વસ્તી વધુ હતી ત્યાં મુસ્લિમોના ઘરો સંખ્યા વધુ હતી,ત્યાં હિન્દુઓનો જીવ જોખમમાં હતો. શેરીઓમાં ચાલવું અથવા એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જવું જોખમ વિનાનું ન હતું. જેઓ શાંતિ ચાહતા હતા તેઓ પોતપોતાના ઘરમાં હતા. ગુંડાઓનો બની ગયો હતો. એવું લાગતું હતું કે શહેરમાં તેનું રાજ્ય હતું.અને જ્યાં મુસ્લિમોના ઘરો ઘેરાયેલા હતા આવા ભયંકર સમયમાં શહેરના નિર્ભીક આગેવાન ગણેશ શંકર વિદ્યાર્થિજી ઉઘાડા પગે ફરતા હતા અને લોકોને સમજાવતા હતા, "ભાઈઓ, જરા જુઓ, શું કરો છો? તેઓ તમારા ભાઈઓ છે, તમારા દુશ્મનો નથી. તમે કોના પર હાથ ઉપાડો છો? તમને કયા ધર્મમાં આ પાપીપણું શીખવવામાં આવ્યું છે? તમે જે તમારી માતાઓના લોહી થી તમારા હાથ રંગી રહ્યા છો, યાદ રાખો,ગંગાજીનું આખું પાણી પણ તેને ધોઈ શકશે નહીં. વિદ્યાર્થીજીની વાણીમાં એવી મીઠાશ હતી કે પથ્થર પણ મીણ બની જતો. તેમના દરેક શબ્દમાંથી તેમના હૃદયની પવિત્રતા અને સદભાવના છલકાતી હતી. પોતાના દેશવાસીઓનો આ સાચો સેવક જ્યાં પણ ભીડ જોતો ત્યાં તે તરફ વળતો અને લોકોને સમજાવતી વખતે ઠપકો આપતો અને શાંતિનો આ દૂત જ્યાં પણ પહોંચતો ત્યાં ઉપદેશના ઠંડા પાણીથી લોકોના ઉકળતા હૃદયને ઠંડક આપતો.આમ જ દિવસ પસાર થયો.

બીજે દિવસે કેટલાક લોકો દોડી આવ્યા અને જાણ કરી, "પંડિતજી! પંડિતજી !! સાંભળો, હિન્દુઓએ કેટલાક મુસ્લિમોના ઘરોને ઘેરી લીધા છે અને તેને આગ લગાડવાની તૈયારી કરી રહ્યા છે.વિદ્યાર્થીજી તરત જ ઉભા થયા અને તે બાજુ ગયા.તેઓ ત્યાં પહોંચતાની સાથે જ તોફાની લોકો ખસવા લાગ્યા.વિદ્યાર્થીજીનો ચહેરો એટલો તેજસ્વી હતો અને તેમની વાણી એવી હતી કે દુશ્મનો પણ તેમની સામે માથું ઊંચું કરી શક્યા નહીં.ગણેશજીએ જોયું. ત્યાં ખરેખર ઘણા મુસ્લિમ પરિવારો એક ઘરમાં બંધ છે અને બહારથી આગ લગાવીને તેમને જીવતા સળગાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. કેટલાક લોકો હજુ પણ ભાગ્યા ન હોતા! તેઓ વિદ્યાર્થીજી સાથે દલીલ કરવા લાગ્યા. તેઓ મક્કમ બની ગયા અને બોલ્યા, "જે ગમે તે હોય. તમે કહો, અમે તેમની સામે બદલો લઈશું. ,

વિદ્યાર્થીજીએ કહ્યું, "સારું, હું આ ઘરમાં ઉભો છું. તમે તેમાં આગ લગાડો અને પહેલા મને બાળી નાખો." હવે લોકો એકબીજાના મોં જોવા લાગ્યા. ઘરની અંદર રહેલી માતા-બહેનોના આંસુ તેમની આંખોમાં સુકાઈ ગયા;તેઓ તેમને સેંકડો હાથો વડે આશીર્વાદ આપવા લાગ્યા.આ રીતે વિદ્યાર્થી જીએ તેમને મૃત્યુના પંજામાંથી બહાર કાઢીને સલામત વિસ્તારોમાં લઈ જવાની વ્યવસ્થા કરી

ધીમે ધીમે એ દિવસ પણ પસાર થયો. વિદ્યાર્થીજીએ મોંમાં અન્નનો દાણો પણ નાખ્યો નહિ. બે દિવસ સતત દોડવાને કારણે તેનું મન ચિંતાતુર અને શરીર થાકી ગયું હતું. . લોકોએ સમજાવ્યું, "વરાળને થોડો આરામ કરવા દો અને થોડો નાસ્તો કરો. પરંતુ વિદ્યાર્થીજીએ મક્કમતાથી જવાબ આપ્યો, "શું આ આરામ કરવાનો પ્રસંગ છે?" હવે એ હિંદુઓની પૂછપરછ કરો કે જેઓ મુસ્લિમ વિસ્તારમાં ઘેરાયેલા છે. " આટલું કહીને તે આગળ વધ્યો. લોકોએ ઘણું કહ્યું, "અમે તમને ત્યાં આમ નહીં જવા દઈએ." પણ વિદ્યાર્થી જી પાસે સદભાવનાની શક્તિ હતી.નક્કી થયું, ચાર સ્વયંસેવકો તેની સાથે જોડાયા અને વિદ્યાર્થિ જી સવારે તેની સાથે આગળ વધ્યા. તેઓ સાંકડી શેરીઓમાંથી પસાર થઈ રહ્યા હતા. રસ્તામાં અનેક મૃતદેહો પડેલા મળી આવ્યા હતા. ઘણા ઘરો બળી રહ્યા હતા અથવા બળી ગયા હતા અને તેમાંથી દુર્ગંધ આવી રહી હતી. લોકો 'કાફિર, કાફિર' બૂમો પાડતા દોડતા હતા, પરંતુ નજીક આવતા તેઓ કહેતા, "અરે,આ પંડિતજી છે, જો તેઓ આજે સ્થળ પર ન આવ્યા હોત તો ન જાણે કેટલા મુસ્લિમોના જીવ ગયા હોત." આ રીતે,નિર્ભયતાથી, તેણે ઘણા હિંદુઓ અને મુસ્લિમો થી મુક્તિ મેળવી. આજે આ શાંતિદૂતે એકલા હાથે એ કામ કર્યું જે હજારો લોકો કરી શક્યા ન હતા.

દરમિયાન, કેટલાક મુસ્લિમોએ "અલ્લાહ-ઓ-અકબર" ના બૂમો પાડતા તેમને ઘેરી લીધા અને વરુ ની જેમ તેમની જીભ હલાવવા લાગ્યા, જાણે તેઓ તેને કાચો ખાઈ જશે. વિદ્યાર્થીએ તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો; પરંતુ આ વખતે તે સફળ થયા નહીં. બે સ્વયંસેવકો બચાવવા દોડ્યા. વિદ્યાર્થિજી સાથે રહેલા ૧૯ મુસ્લિમ સ્વયંસેવકોએ તેને એક તરફ ખેંચવાનો પ્રયાસ કર્યો પરંતુ વિદ્યાર્થિજીએ મક્કમતાથી કહ્યું, "હું જીવનની લાલચથી ભાગવાનું શીખ્યો નથી. જુઓ, હું તૈયાર છું. જે કંઈ પણ ઓલવી નાખે. લોહીની તરસ છે,તે જ કરો.

સાંજ થઈ ગઈ હતી, પરંતુ વિદ્યાર્થીજી ઘરે પાછા આવ્યા ન હતા. તેઓ પાછા આવશે? તે પહેલેથી જ શાશ્વત ધામનો પ્રવાસી બની ગયો હતો. તેના મિત્રો અને શુભ ચિંતકો ચિંતામાં પડી ગયા અને ટોળકી બનાવીને શહેરમાં શોધખોળ શરૂ કરી. સતત ત્રણ દિવસ અને રાત સુધી શોધ ખોળ કરવામાં આવી, પરંતુ તેઓ મળી શક્યા નહીં. ચોથા દિવસે તેમની લાશ ક્યાંકથી મળી આવી હતી. આ રીતે આ શાંતિદૂતનો અંત આવ્યો. વિદ્યાર્થીજીના આત્મ બલિદાનની આ અમર ગાથા ઈતિહાસમાં પોતાનું સ્થાન જાળવી શકતી નથી. તેમનું બલિદાન ક્યારેય વ્યર્થ નહીં જાય. તે ભટકનારાઓને માર્ગદર્શન આપશે અને તેમને કહેશે

"હત્યામાં કોઈ વીરતા નથી,
એ તો હત્યારાઓનું કર્મ છે.

હત્યા નહી, રક્ષણ કરવું એ જ સાચા શૂરવીરોનો ધર્મ છે. ,

આવા વીર સાચા સપૂતોને કારણે જ આપણે આજે લોકશાહીની મજા માણી રહયા છીએ. આજના નેતાઓ થોડો બોધપાઠ લઈને ચૂંટાયા પછી પ્રજા વિસ્તારલક્ષી કાર્ય કરે તો જ આવા શહીદોની શહાદતતા સર્થક થઈ ગણાશે.બાકી તો ૭૦- ૭૭ વર્ષમાં શું થયું એ આ કહેવાતી આઝાદ પ્રજા જાણે છે.. ખાય ભીમ અને સહન કરે પ્રજા જેવું..અસ્તુ.. કાલે કંઈક બીજું..

## દોભાલ, ઢિલ્લોનની નિર્ણાયક ભૂમિકા

જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબુદીને ચાર વર્ષનો ગાળો પૂર્ણ થયો છે. જમ્મુ કાશ્મીરમાં અનેક ચીજોમાં સુધારો થયો છે. ત્રાસવાદી હિંસા ઘટી છે. પ્રવાસને વેગ મળ્યો છે. લોકોમાં નવી આશા જાગી છે. જો કે હજુ અનેક કામ કરવાના બાકી છે. લોકોમાં આત્મવિશ્વાસ જગાવવા માટે વિવિધ પહેલ જરૂરી છે. કલમ ૩૭૦ની નાબુદી થઈ ગઈ છે. આને ચાર વર્ષ થયા છે. આમાં મોદી પ્રધાનમંડળની ટીમના ખાસ સભ્યો ઉપરાંત તમામ ટોપના અધિકારીઓ અને આર્મી ઓફિસર, રો ઓફિસર, રો પ્રમુખ સામંત ગોયલ, આબી પ્રમુખ અરવિન્દ કુમાર કેન્દ્રિય ગૃહ સંચિવ રાજીવ ગાબા, લેફ્ટીનેન્ટ જનરલ કેજેએસ ઢિલ્લોન, મુખ્ય સચિવ બીવીઆર સુબ્રમણ્યમ તેમજ રાજપાલ સત્યપાલ મલિકની પણ ભૂમિકા હતી. આ તમામે પોત પોતાની રીતે જોરદાર રીતે જે જવાબદારી સોંપવામાં આવી હતી તે અદા કરી હતી. સલાહકાર કે વિજય કુમારની પણ આમાં મોટી ભૂમિકા રહેલી છે. કે વિજય કુમાર એનએસએ અજિત દોભાલના સૌથી નજીકના વિશ્વાસુ પૈકી રહ્યા છે. મોટા ઓપરેશનને સફળ રીતે પાર પાડવામાં તેમની હમેંશા ભૂમિકા રહી છે. વર્ષ ૧૯૯૮થી ૨૦૦૧ વચ્ચે આઈજી બીએસએફ રહીને શ્રીનગરમાં એ વખતે કામ કર્યુ હતુ જ્યારે ત્રાસવાદી ગતિવિધી ચરમસીમા પર હતી. જુન ૨૦૧૮માં સલાહકાર નિમાયા હતા. અનુભવનો ઉપયોગ કરીને કાશ્મીરની નીતિને સમજવામાં તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી. રણનિતી તૈયાર કરવામાં તેમની ભૂમિકા રહી હતી. આજે પરિણામ મળ્યા છે. વર્ષ ૨૦૦૪માં ચંદન ચોર વિરપ્પને લાંબી રણનિતી બનાવીને તેને મોતને ઘાટ ઉતારી દેવામાં તેમની રણનિતી હતી. ત્યારબાદ તેમની ગણતરી સારા રણનિતીકાર તરીકે થતી હતી. રો પ્રમુખલ સામંત ગોયલની પણ ભૂમિકા રહી છે. વર્ષ ૧૯૯૦માં પંજાબમાં જ્યારે ત્રાસવાદી પ્રવૃતિ ચરમસીમા પર હતી ત્યારે તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી. આઈબી પ્રમુખ અરવિન્દ કુમારની પણ ભૂમિકા રહેલી છે. ઈન્ટેલિજન્સ બ્યુરો પ્રમુખ આ પહેલા આ જ વિભાગમાં કાશ્મીર ડેસ્ક પર કાર્યરત હતા. તેમને જમ્મુ કાશ્મીરના એક એક વિસ્તારની પુરતી માહિતી રહેલી છે. અરવિન્દ કુમારે તમામ ગુપ્ત માહિતીની આપલે કરી હતી. કેન્દ્રિય ગૃહ સચિન રાજીવ ગાબાની પણ ભૂમિકા ઓછી નથી. લો પ્રોફાઈલ રહીને કેન્દ્રિય સ્તર પર તમામ રણનિતીકારો સાથે સંકલન જાળવી રાખીને કામ કર્યુ હતુ. કાશ્મીરમાં કોઈ પણ પ્રકારની ગતિવિધી પર બ્રેક મુકવા માટે રણનિતી તૈયાર કરી હતી. તમામ રાજ્યોને સમયસર પર સુચના આપીને એલર્ટ રાખ્યા હતા. કઈ જગ્યા પર કઈ રીતે સૈન્ય સુરક્ષા ગોઠવાશે તેની રણનિતી તૈયાર કરી હતી.

# સંતે દંપતીને 'માણસ બનજો' એવો ઉપદેશ શા માટે આપ્યો?



આ એ સમયની વાત છે જ્યારે ઈન્સાનમાં હજુ ઈન્સાનિયતના ગુણ હતા, સચ્ચાઈ હતી, ચાલાકી અને જૂઠાબોલા નહોતા. તે વખતે એક ગૃહસ્થને ત્યાં એક મહાત્મા પધાર્યા. (યાદ રહે કે સાધુ-સંતો-શાહો થોડામાં ઘણું બધું કહી જતાં હોય છે. તેમનો ઉપદેશ, જ્ઞાન વ્યક્તિને સન્માર્ગે દોરે છે). ઘરના માલિક દંપતી બહારથી ઘણા સુંદર ને ભલા લાગતા હતા, પણ ભીતર-અંદરથી સાવ જ બેડોળ. થોડા દિવસોના રોકાણ દરમિયાન સંતે અનુભવ્યું કે શ્રીમંતને ત્યાં ભલે સુખ-સાહ્યબીના તમામ સાધનો મૌજુદ હોય પરંતુ સત્ય, ચિંતન, સ્વાધ્યાય, મધુરતા, શુદ્ધતા જેવું કંઈ જ હતું નહીં. એકલા આડંબરનો કોલાહલ હતો. સંતે થોડા દિવસના રોકાણ પછી વિદાય વખતે આશીર્વાદ આપતાં દંપતીને કહ્યું, 'માણસ બનજો!' પુરુષ ધમાલિયો હતો. એણે સંતના આ વાક્ય પર જરાય વિચાર કર્યો નહીં, પણ સ્ત્રી થોડી સમજદાર અને ચકોર હતી. એ સમજી ગઈ કે, મહાત્માના આ શબ્દો કોઈ ગંભીર ચેતવણી આપી રહ્યા છે. એણે પતિને પૂછ્યું, શું આપણે માણસ નથી? ઢોર, જાનવર છીએ? મહારાજશ્રીએ 'માણસ બનજો' એવો ઉપદેશ શા માટે આપ્યો? આવી શીખામણ આપવા પાછળ તેમનો આશય શો હતો? પત્નીની વાત સાંભળી પુરુષને પણ સહેજે વિચાર આવ્યો. વાત સાચી હતી. સંતે આમ કાં કહ્યું?! એણે મનમાં નક્કી કર્યું. એ ફરી મળશે ત્યારે પૂછીશ.' દોઢ-બે વરસનો સમય વિતી ગયો. એક દિવસ સંત ફરી તેમના ઘેર પધાર્યા. બેચેન સ્ત્રીએ મહારાજશ્રીને વ્યાકુળતાથી પૂછ્યું, 'બાપુ! માણસ બનજો કહેવા પાછળનો ભેદ શું છે? અમને તેની પાછળ રહેલા આપના જ્ઞાનની સમજ આપો. શું અમે ઢોર છીએ? સાધુ મહારાજે પોતાની પાસે એક આયનો હતો.

# ચહેરોઃ આપણા આરોગ્યનું દર્પણ

## આંખોની નીચે કાળા ડાઘ ફક્ત ટેન્શન કે તણાવને કારણે જ નહી પણ ખરાબ કિડનીને કારણે પણ હોઇ શકે છે



માણસનો ચહેરો તેના સ્વાસ્થ્યની ચાડી ખાતો હોય છે. ચહેરો અગર ચમકતો હોય કે મૂરઝાયેલો હોય તે શરીરની ઘણી વાતો જણાવી દેતો હોય છે. આ ચહેરો જ છે જેનો આંખથી લઈને નાક સુધી અને નાકથી લઈ હોઠ સુધી આ દરેક અંગ તમારા શરીરનો કયો હિસ્સો કેવું કામ કરી રહ્યો છે તેની પૂરી સૂચના મળતી હોય છે. હવે આંખોની જ વાત કરીએ તો આંખની નીચે જો કોઈ વ્યક્તિને કાળા ઘેરા ડાઘ હોય તો એ કહી આપે છે કે તે કોઈ તણાવ હેઠળ પસાર થઈ રહી છે. રાત્રે પૂરતી ઊંઘ નથી લઈ શકતી. આટલી અમથી પ્રતિક્રિયા તો નાનકડું બચ્ચું પણ આપી શકે છે, પરંતુ શું તમને ખબર છે કે કાળા ડાઘ ફક્ત ટેન્શન કે તણાવને કારણે જ નહી પણ ખરાબ કિડનીને કારણે પણ હોઈ શકે છે. રોશની નામની એક યુવતી પણ આવી જ કોઈ ગેરસમજનો શિકાર બની હતી. તેની આંખો નીચે કાળાં કુંડાળાં વધી રહ્યાં હતાં. આ એ સમયની વાત છે જ્યારે કોરોનાને કારણે તેની નોકરી છૂટી ગઈ હતી. આને કારણે તે આર્થિક તંગી પણ અનુભવી રહી હતી. તેના મિત્રોને એને જોઈને એવું લાગતું હતું કે નોકરી છૂટી જવાનું ટેન્શન છે એટલે તેની આંખો નીચે કાળાં કુંડાળાં વધી રહ્યાં છે. દરેક લોકો એક જ સલાહ આપતા કે નોકરી છૂટી જવાથી તારો ચહેરો મૂરઝાઈ રહ્યો છે એટલે તું ટેન્શન નહીં લે. જોકે, થોડા જ સમયમાં ખબર પડી કે રોશનીના ચહેરા પાછળ નોકરીનું ટેન્શન નહીં પણ કિડનીમાં થયેલું ઈન્ફેક્શન જવાબદાર છે. આ જાણીને એના હૃદયને ખરેખર ધક્કો લાગ્યો. આટલી મોટી બીમારી અને તેના લક્ષણો પણ ન દેખાયા. ત્યારે ડૉક્ટરે કહ્યું કે આંખની નીચે જે કુંડાળાં દેખાતાં હતાં.

# કુદરતની ભેટ ગણાતું પહાડી શાક 'લિંગુડા'





ઉનાળાની રજામાં ફરવાની મજા જ કાંઈક અલગ હોય છે. તેમાં પણ પહાડી તથા ઠંડા પ્રદેશમાં જવાનું લોકો વધુ પસંદ કરતાં હોય છે. પહાડી પ્રદેશમાં ફરવા જઈએ એટલે ત્યાંની વાનગીની વિવિધતાનો આસ્વાદ આપણે માણતાં જ હોઈએ છીએ. મોટે ભાગે આપણે જે તે પ્રદેશના ફળ ખાવાનું પસંદ કરતાં હોઈએ છીએ, શું આપ જે તે પ્રદેશનું શાક ખાવાના શોખીન છો ? તો ચાલો, આજે આપને મોઢામાં પાણી આવી જાય તેવાં એક હિમાચલી શાક વિશે જાણકારી આપું. હિમાચલી લોકોનું મનપસંદ શાક એટલે જ લિંગુડા. ઉત્તરાખંડ એક એવું રાજ્ય છે જ્યાં ઈશ્ર્વરે મન મૂકીને પ્રાકૃતિક સુંદરતાનો ખજાનો મૂક્યો છે. સાથે સાથે જડીબુટ્ટીઓનાં ભંડારની ભેટ પણ આપી છે. ભારતમાં લિંગુડાની ખેતી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ તથા આસામ રાજ્યમાં મુખ્યત્વે કરવામાં આવે છે. પહાડી લોકોની પ્રથમ પસંદગીનું શાક લિંગુડા ગણાય છે. ત્યાંના રહેવાશીઓનું માનવું છે કે લિંગુડાના શાક સામે ભલભલાં જાણીતા શાકનો સ્વાદ ઓછો પડે છે. નિષ્ણાત ડૉક્ટરો તથા આહાર તજજ્ઞોનું માનવું છે કે લિંગુડા ડાયાબિટીસ તથા હૃદયરોગના દર્દીઓ માટે રામબાણ ગણાય છે. લિંગુડામાં વિટામિન્સ, મિનરલ્સ તથા માઈક્રો-ન્યૂટ્રિઅન્ટસની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. વળી લિંગુડાનો ઉપયોગ શાક તરીકે, અથાણું બનાવીને તથા અન્ય શાક સાથે ભેળવીને કરી શકાય છે. લિંગુડાની ખેતી જૂનથી ઓક્ટોબર મહિનામાં સમુદ્રતળથી ૧૯૦૦થી ૨૦૦૦ મીટરની ઊંચાઈ ઉપર થતી જોવા મળે છે. આયુર્વેદિક ગુણોથી ભરપૂર પ્રાકૃતિક શાકને, આસપાસના બજારોમાં અન્ય શહેરના લોકો તેના ગુણોનો ફાયદો મેળવી શકે તે માટે મોકલવામાં આવે છે.

# કેટલાક માણસો સાથે બની શકે ત્યાં સુધી સંઘર્ષમાં ઊતરવું નહીં, આમાં સરવાળે આપણને જ નુકસાન

## જીવન એ તો કુરુક્ષેત્ર છે. આમ છતાં કેટલીક વખત નાછૂટકે આપણા પોતાના માણસો સામે લડવું પડે છે. બને ત્યાં સુધી વિના કારણે કોઈની આડે આવવું નહીં એ સૌથી મોટો ધર્મ છે



જીવન વ્યવહારમાં આપણે ભિન્ન ભિન્ન પ્રકૃતિના અનેક માણસો સાથે પરિચયમાં આવીએ છીએ. માનવીની કેટલીક સ્વભાવગત નબળાઈઓ અને ઊણપો હોય છે. કોઈ માણસ સંપૂર્ણ નથી. દરેક માણસનો સ્વભાવ ગમો અણગમો અને જીવન જીવવાની અને કાર્ય કરવાની રીત અલગ અલગ હોય છે. એટલે કેટલીક વખત આવી પ્રકૃતિના માણસો વચ્ચે સંઘર્ષ અનિવાર્ય બની જાય છે. પરંતુ સમજદાર માણસ આની એક મર્યાદા બાંધી લે છે. અને બને ત્યાં સુધી આ પ્રકારનાં વાદ વિવાદમાં ઊતરતો નથી. વિચારો જુદા જુદા હોય છે ત્યારે મતભેદ ઊભા થાય છે. અને આ પ્રકારનાં મતભેદો પરસ્પર સમજૂતીથી ઉકેલી શકાય છે. પરંતુ મનભેદ ઊભાં થાય ત્યારે જલ્દીથી ઉકેલી શકાતા નથી. આમ જોઈએ તો આપણે અનેક બાબતો જે આપણા ચોકઠામાં બેસતી ન હોય તે અંગે વિરોધ અને અણગમો વ્યક્ત કરતા રહીએ છીએ. કેટલીક વખત આ વિરોધ સીધો હોય છે તો કેટલીક વખત આડકતરો હોય છે. વિરોધ અનેક પ્રકારે થાય છે. રોષથી કે મેણું મારીને, સામા માણસને ન ગમતી વાત કરીને અથવા તેના મર્મસ્થાન પર ઘા કરીને અણગમો વ્યક્ત થતો હોય છે. ચાલાક માણસો સમય અને સંજોગો જોઈને મનમાં રહેલા રોષને બહાર કાઢે છે અને ન કહેવાનું કહી નાખે છે. પણ વિરોધનો પ્રતિભાવ ઊભો ન થાય તો વિરોધ બુઠ્ઠો બની જાય છે. આપણી સામે થતા વિરોધને ટીકાને આપણે કોઈપણ જાતના પ્રતિભાવ નહીં આપીને મહાત કરી શકીએ. સાચી વાતમાં ગુસ્સે થયા વગર સામા માણસને સમજવાનો પ્રયાસ કરીએ તો ખોટા વાદ વિવાદને ટાળી શકાય. આપણે કોઈ પણ ક્ષેત્રમાં હોઈએ ત્યાં કામ કરતાં લોકો વચ્ચે કોઈને કોઈ બાબત અંગે ઘર્ષણ થતું રહેવાનું છે.

BOLLYWOOD NEWS FLASH

## ફેને અભિનેત્રી સાથે હાથ મિલાવ્યો અને પછી સેલ્ફી લેવા માટે વિનંતી કરવાનું શરૂ કર્યુ, પછી સુરક્ષા તે વ્યક્તિને લઈ ગઈ



# સિક્યોરિટી તોડી તમન્ના ભાટિયા પાસે પહોંચી ગયો ફેન


। મુંબઈ, તા.૯ ।

સાઉથ અને હિન્દી ફિલ્મોની અભિનેત્રી તમન્ના ભાટિયાની સ્ટ્રોંગ ફેન ફોલોઈંગ છે. 'બાહુબલી' થી 'જેલર' જેવી ફિલ્મો માટે જાણીતી તમન્ના ભાટિયાને મળવા માટે એક ચાહકે તમામ હદ વટાવી દીધી હતી. તે સિક્યોરિટી ગાર્ડનો કોર્ડન તોડીને અભિનેત્રીની નજીક પહોંચ્યો જ નહીં, પરંતુ તેનો હાથ પણ પકડી લીધો. આ દરમિયાન અભિનેત્રી પણ અચાનક ડરી ગઈ હતી. જોકે, તરત જ સુરક્ષાકર્મીઓએ તે વ્યક્તિને પકડી લીધો હતો. બીજી તરફ તમન્ના ભાટિયાએ જે રીતે ફેન્સ અને પરિસ્થિતિને હેન્ડલ કરી છે. તે જોયા બાદ ફેન્સ તેના જોરદાર વખાણ કરી રહ્યા છે. તમન્ના ભાટિયાનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જ્યાં એક ફેન ફતેને મળવા માટે સિક્યોરિટી બેરિકેટ્સ ઓળંગીને એક્ટ્રેસની નજીક પહોંચી ગયો હતો. ફેને અભિનેત્રીનો હાથ પણ પકડી લીધો અને સેલ્ફી લેવા માટે વિનંતી કરવા લાગ્યો હતો. હાલમાં જ તમન્ના ભાટિયા એક કાર્યક્રમ માટે કેરળ પહોંચી હતી. આ વીડિયો પણ અહીંથી સામે આવ્યો છે. લગભગ ૨૦ સુરક્ષાકર્મીઓ પોલીસ અને મીડિયાકર્મીઓની વચ્ચે એક ચાહક અચાનક ધસી આવ્યો હતો. તેણે અભિનેત્રી સાથે હાથ મિલાવ્યા હતા. થોડી જ વારમાં સુરક્ષાકર્મીઓએ તે વ્યક્તિને પ કડી લીધો અને તેને લઈ ગયા હતા. જ્યારે તમન્ના ફેન્સ પર ગુસ્સે ન થઈ. ઉલટાનું તેઓએ સુરક્ષાકર્મીઓને જ રોક્યા. આ પછી અભિનેત્રીએ ફેન્સને શાંત કર્યા. તેણે ફેન સાથે હાથ મિલાવ્યો અને વ્યક્તિ સાથે સેલ્ફી પણ લીધી. એક્ટ્રેસની આ સ્ટાઈલ જોઈને બધા તેના વખાણ કરવા લાગ્યા હતા. સુપ રસ્ટાર રજનીકાન્તની સાથે તમન્ના ભાટિયા ટૂંક જ સમયમાં જેલર ફિલ્મ આવવાની છે, જેમાં મોહનલાલ, શિવ રાજકુમાર યોગી બાબુ અને જેકી શ્રોફ જેવા સ્ટાર્સ પણ જોવા મળશે. આ ફિલ્મ ૧૦ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. જોકે, રિલીઝ પહેલા આ ફિલ્મનું ગીત કાવાલા ઘણું પોપ્યુલર થયું હતું, જેમાં તમન્નાનું આઈટમ સોન્ગ જોવા મળ્યું હતું.

# ઘર ખર્ચ ઉપાડવા હોટલમાં નોકરી કરતી મોનાલિસા

। મુંબઈ, તા.૯ ।

અભિનેત્રી મોનાલિસા હંમેશા પોતાની બોલ્ડ સ્ટાઈલ અને ફેશન સેન્સથી સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહે છે. ભોજપુરી સિનેમાની આ અભિનેત્રી આજે કોઈ ઓળખ પર નિર્ભર નથી. પરંતુ એક સમય એવો હતો જ્યારે અભિનેત્રી ઘરનો ખર્ચ ઉઠાવવા માટે હોટલમાં કામ કરતી હતી. પરંતુ આજે મોનાલિસા કરોડોની સંપત્તિની માલિક છે. અભિનેત્રી ભોજપુરીસિનેમાનીપીઢઅભિનેત્રીછે.ચાલો જાણીએ મોનાલિસાની નેટવર્થ કેટલી છે. ભોજપુરી સિનેમાની સાથે સાથે મોનાલિસાએ વિવિધ ભાષાઓમાં ઘણી ટીવી સિરિયલો અને ફિલ્મોમાં પણ કામ કર્યું છે. ૧૦૦ થી વધુ ફિલ્મો કરી ચુકેલી



અભિનેત્રી મોનાલિસા એક સમયે સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રી હતી. અભિનેત્રીએ તેના જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. એક સમય હતો જ્યારે મોનાલિસા મહિનામાં માત્ર ૧૨૦ રૂપિયાની કમાણી કરી હતી. અભિનેત્રીએ પણ પોતાનું ઘર ચલાવવા માટે હોટલમાં કામ કર્યું છે. અભિનેત્રી મોનાલિસાએ ૧૯૯૭થી પોતાની ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. પરંતુ અભિનેત્રીને ભોજપુરી ફિલ્મોથી જ ઓળખ મળી. મોનાલિસાએ ૨૦૦૮માં ભોલે શંકર સાથે ડેબ્યૂ કર્યું હતું અને તેણે આ ફિલ્મમાં પોતાના અભિનયથી ધૂમ મચાવી હતી. રિપોર્ટ અનુસાર મોનાલિસા પાસે ૧૮ કરોડની સંપત્તિ છે. આ સમયે ભલે તેણે મોટા પડદાને અલવિદા કહી દીધું હોય, પરંતુ ચાહકો તેની સ્ટાઈલના દીવાના છે. મોનાલિસા તેના પતિ અને ભોજપુરી અભિનેતા વિક્રાંત રાજપૂત સાથે મુંબઈના પોશ વિસ્તારમાં એક લક્ઝરી ફ્લેટમાં રહે છે. એક્ટ્રેસ મોનાલિસા ભોજપૂરી ઈન્ડસ્ટ્રીની ખૂબ જ જાણીતી એક્ટ્રેસ છે. મોનાલિસા તેના બોલ્ડ અંદાજને કારણે ચર્ચામાં રહે છે.

## વીડિયોમાં હિના ખાન ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહી છે, ગોળ રોટલી જોઈને તે ખુશ થાય છે, આ ઉપરાંત તેને ગોફણ પણ ચલાવ્યું હતું

# ગામડાંમાં પહોંચેલી હિના ખાને પહેલીવાર ચૂલા પર બનાવી

। મુંબઈ, તા.૯ ।

જ્યારે હિના ખાન બિગ બૉસના ઘરમાં પહોંચી ત્યારે તેને પોતાના ફેશન સ્ટેટમેન્ટથી કેટલીય લાઈમલાઈટ ચોરી લીધી હતી. આ શૉ પ છી તેને પોતાના નામ સાથે એક ગ્લેમરસ દિવાનો ટેગ પણ મળ્યો. અભિનેત્રીની સ્ટાઈલ હંમેશા ફેન્સને પસંદ આવે છે. તે વેસ્ટર્નથી એથનિક સુધીની દરેક સ્ટાઈલમાં અદભૂત દેખાય છે. હાલમાં જ હિના ખાને એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે દેશી અંદાજમાં જોવા મળી રહી છે. તેને પંજાબી સ્ટાઈલનો સૂટ પહેર્યો છે. હૂપ્સ ઈયરરિંગ્સ કેરી કરી છે. એક્ટ્રેસ આ આખા લૂકમાં શાનદાર હસીના લાગી રહી છે. આ વીડિયોમાં હિના ખાન એક ગામમાં ચૂલા પર રોટલી બનાવતી જોવા મળી રહી છે. વીડિયોમાં હિના ખાન ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહી છે. ગોળ રોટલી જોઈને તે ખુશ થાય છે. આ ઉપરાંત તેને ગોફણ પણ ચલાવ્યું હતું. વીડિયો શેર કરતાં એક્ટ્રેસે કેપ્શનમાં લખ્યું- 'પહેલીવાર મેં ગામના ચૂલા પર ગોળ રોટલી બનાવી. ગોફણ પણ ચલાવી. કેટલાક ફેન્સને હિનાની આ સ્ટાઈલ પસંદ આવી રહી છે તો કેટલાક લોકો તેને ટ્રોલ કરી રહ્યા છે અને તેને દેખાડો ન કરવાની સલાહ આપી રહ્યા છે. એક યૂઝરે લખ્યું, 'આટલો બધો દેખાડો ના કરો યાર...રોટલી બનાવવી કોઈ શરમની વાત નથી. એક યૂઝરે લખ્યું, 'આ લોકો કેમ ટ્રીટ કરે છે જેને બાળપણથી ક્યારેય રસોડું જોયુ જ નથી.



## ગુજરાતી ફિલ્મ વશમાં જાનકી બોડીવાલા ઉપરાંત હિતુ કનોડિયા, નિલમ પંચાલ અને હિતેન કુમાર હતા

# વશની હિન્દી રિમેકનું લંડનમાં પૂરું થયું શૂટિંગ

। મુંબઈ, તા.૯ ।

આજકાલ બોલિવુડમાં રિમેક બનાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. હોલિવુડ અને સાઉથની ફિલ્મોની હિન્દી રિમેક તો બનતી આવે છે પરંતુ હવે ગુજરાતી ફિલ્મ પરથી હિન્દી ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક બનવા જઈ રહી છે એવા સમાચાર થોડા મહિના પહેલા આવ્યા હતા. હવે ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. હિન્દી રિમેક 'વશ'ની ટીમે લંડનમાં શૂટિંગ પૂરું કર્યું છે. લંડનમાં શૂટિંગ પ તાવીને ફિલ્મની ટીમ ત્રણ દિવસ પ હેલા જ ભારત પાછી આવી છે. ફિલ્મની વાર્તાને આંતરરાષ્ટ્રીય ટચ આપવા માટે તેમજ દર્શકોને તાજો અને સુખદ અનુભવ પૂરો પાડવા માટે લંડનમાં શૂટિંગ કરવામાં આવ્યું છે. લંડનના સુંદર નજારા ફિલ્મના ઓવરઓલ સિનેમેટિક એક્સપીરિયન્સને યાદગાર બનાવશે તેવી ગણતરી ફિલ્મ મેકર્સની છે. ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક બનશે એ વાતની જાહેરાત થયાના મહિનાઓ પછી લંડનમાં તેનું શૂટિંગ શિડ્યુલ પૂરું થયું હોવાની વાતને એક મહત્વનો માઈલસ્ટોન ગણી શકાય. હવે ફેન્સ આતુરતાથી આ ફિલ્મનું સમગ્ર શૂટિંગ ક્યારે પૂરું થાય અને ત્યારે તેને મોટા પડદા પર જોઈ શકે તેની રાહ જોઈ રહ્યા છે. હિન્દી ફિલ્મ 'વશ' દ્વારા ગુજરાતી એક્ટ્રેસ જાનકી બોડીવાલા બોલિવુડમાં ડેબ્યૂ કરી રહી છે. આ સાથે જ ફિલ્મમાં અજય દેવગણ, આર. માધવન, જ્યોતિકા વગેરે જેવા કલાકારો છે. લંડન સિવાય મસૂરી અને મુંબઈમાં પણ આ ફિલ્મનું શૂટિંગ થવાનું છે. ગુજરાતી ફિલ્મ 'વશ'ની વાત કરીએ તો, તેમાં હિતેન કુમાર, હિતુ કનોડિયા, જાનકી બોડીવાલા, નિલમ પંચાલ અને આર્યન સંઘવી લીડ રોલમાં હતા. આ ફિલ્મ એવા સુખી અને હસતા-રમતા પરિવારની છે જેઓ કાળા જાદુ અને નકારાત્મક ઉર્જાના ચક્કરમાં ફસાઈ જાય છે. આ ફિલ્મનું ડાયરેક્ટર કૃષ્ણદેવ યાજ્ઞિકે કર્યું હતું. જાનકી બોડીવાલાની વાત કરીએ તો તેણે 'તંબુરો', 'છૂટી જશે છક્કા', 'બહુ ના વિચાર', 'નાડીદોષ' વગેરે જેવી ગુજરાતી ફિલ્મોમાં કામ કર્યું છે. હવે તે અજય દેવગણ અને આર. માધવન જેવા દિગ્ગજ કલાકારો સાથેની ફિલ્મ થકી બોલિવુડમાં ડગ માંડવા જઈ રહી છે. જાનકીએ ગુજરાતી ફિલ્મ 'છેલ્લો દિવસ'થી ગુજરાતી ફિલ્મોમાં ડેબ્યૂ કર્યું હતું.



## વજન ઘટાડવામાં પણ ઉપયોગી છે



આદું આપણા દૈનિક આહારનો એક અવિભાજ્ય હિસ્સો છે. રોજિંદી રસોઈમાં ગૃહિણીઓ આદુંનો અનેક જગ્યાએ ઉપયોગ કરતી હોય છે. સવારની ચાથી લઈને દાળ-શાક વગેરેમાં તેનો ઉપયોગ સ્વાદ તો વધારે જ છે, સાથે સાથે આરોગ્યને પણ લાભદાયક છે. આયુર્વેદની દૃષ્ટિએ આદું ગુણકારી મનાયું છે. કાચાં આદુંમાં ઘણા ઔષધીય ગુણો જોવા મળે છે, જે સ્વાસ્થ્યને ઘણો ફાયદો કરે છે. કાચા આદુંમાં વિટામિન એ, વિટામિન ડી, વિટામિન, આયર્ન, ઝીંક અને કેલ્શિયમ જેવાં પોષક તત્ત્વો ભરપૂર માત્રામાં જોવાં મળે છે, જેના સેવનથી અનેક રોગો મટે છે. બીજી તરફ કાચાં આદુંનું સેવન કરવાથી શરદી અને ઉધરસ જેવા વાઈરલ ઈન્ફેક્શનથી ઘણી હદ સુધી બચી શકાય છે. કાચું આદું ખાવાથી કેટલાક સામાન્ય ફાયદાઓ જાણવા જેવા છે. પેટ માટે ફાયદાકારક, કાચું આદું પેટ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આદું પાચનતંત્રને મજબૂત બનાવે છે. ઉપરાંત, જો કોઈને પેટમાં દુખાવો અથવા ખેંચાણ જેવી ફરિયાદો હોય તો, આવી સ્થિતિમાં, કાચાં આદુંનું સેવન ફાયદાકારક સાબિત થાય છે. માઈગ્રેનના દર્દમાં ફાયદાકારક- કાચું આદું માઈગ્રેનના દર્દમાં ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. જો કોઈને માઈગ્રેનની ફરિયાદ હોય તો તેણે રોજ કાચા આદુંનું સેવન કરવું જોઈએ તો બીજી તરફ જો તમને ક્યારેય થાક લાગતો હોય તો પણ તમારે આદુંનું સેવન કરવું જોઈએ. કોલેસ્ટ્રોલ લેવલ ઓછું કરે છે- કાચું આદું હૃદય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આદુંના ઉપયોગથી કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડી શકાય છે. જો કોઈને કોલેસ્ટ્રોલની ફરિયાદ હોય તો તેણે રોજ કાચાં આદુંનું સેવન કરવું જોઈએ. બ્લડપ્રેશર કંટ્રોલ કરે છે- કાચું આદું બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. તેથી જો કોઈને હાઈ બ્લડ પ્રેશરની ફરિયાદ હોય તો રોજ કાચાં આદુંનું સેવન કરવું જોઈએ. જોકે, આ ઉપાયો ‘સહાયક’ છે, એકમાત્ર નથી. એટલે તમારી બીમારીની સ્થિતિમાં તમારા ડૉક્ટરની સલાહ લેવાનું ચૂકવું ન જોઈએ તે વાતની ખાસ નોંધ રાખવી. આદુંનો એક મહત્ત્વનો ગુણ છે કે તેના નિયમિત સેવનથી વજન ઘટાડવામાં તે મદદ કરે છે.

## વિજ્ઞાનને શ્રદ્ધા સાથે જોડતી કડી, શ્રી રામસેતુ



ગત અઠવાડિયે ફિલ્મ ‘રામ સેતુ’ જોઈ. ફિલ્મના શરૂઆતના એક-બે સંવાદ તદ્દન બિનજરૂરી છે, એને થોડીક વાર અવગણી બૃહદ પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો ફિલ્મ કલ્ચરલ જેનોસાઈડ અથવા ‘સાંસ્કૃતિક નરસંહાર’ ની વાત મૂકે છે. ‘ધ કાશ્મીર ફાઈલ્સ’માં સાંસ્કૃતિક નિકંદનના આ વિષયનો અછડતો સ્પર્શ થયો હતો, હમણાં પ્રસિદ્ધ થયેલા મારા પુસ્તક ‘કાશ્મીરી પંડિતોની રુંધાયેલી ચીસો’માં પણ એની થોડીક વાત કરી છે.

# વધતી વસતિ આરોગ્ય માટે પણ ભયજનક છે

૧૧ જુલાઈ વિશ્વ જનસંખ્યા દિવસ રૂપે ઉજવાય છે. યુનાઈટેડ નેશન્સ કહે છે, “વિશ્વની વસ્તી વધીને એક અબજ સુધી પહોંચવામાં સેંકડો હજારો વર્ષો લાગ્યા, પછી બીજા ૨૦૦ વર્ષ કે તેથી વધુ સમયમાં, તે સાત ગણી વધી. ૨૦૧૧ માં, વૈશ્વિક વસ્તી સાત અબજના આંક પર પહોંચી હતી, તે ૨૦૨૧ માં લગભગ ૭.૯ અબજ છે, અને તે ૨૦૩૦ માં લગભગ ૮.૫ બિલિયન, ૨૦૫૦ માં ૯.૭ બિલિયન અને ૨૧૦૦ માં ૧૦.૯ બિલિયન થવાની ધારણા છે. વધતી વસ્તીની અસર આર્થિક વિકાસ, રોજગાર, આવક વિતરણ, ગરીબી અને સામાજિક સુરક્ષા, શિક્ષણ, આવાસ પર તો પડે જ છે, પણ તે સાથે વિશ્વભરમાં માનવના આરોગ્ય, સ્વચ્છતા, પાણી, ખોરાક અને ઊર્જાની સાર્વત્રિક પહોંચ સુનિશ્ચિત કરવાના પ્રયાસોને પણ અસર કરે છે. ખોરાક, પાણી, સ્વચ્છતા અને ઊર્જાની અછત પણ સીધી કે આડકતરી રીતે મનુષ્યના આરોગ્ય પર અસર કરે છે. એટલે એ રીતે જોવા જઈએ તો સતત વધી રહેલી જનસંખ્યા આરોગ્ય માટે પણ એક મોટી સમસ્યા સાબિત થઈ રહી છે, જેને નજર અંદાજ કરી શકાય નહીં.

આ અત્યંત ચિંતાજનક છે કારણ કે વસ્તી વિસ્ફોટની નકારાત્મક અસરો અનેક રીતે અનુભવાઈ રહી છે. તે પ્રદૂષણના સ્તરમાં વધારો કરે છે, વસવાટના નુકસાનનું કારણ બને છે અને ગ્લોબલ વોર્મિંગમાં ફાળો આપે છે. એટલું જ નહીં, પરંતુ વધુ પડતી વસ્તી આરોગ્ય પર પણ વિપરીત અસર કરે છે. અહીં કેટલાક સ્વાસ્થ્ય જોખમો છે જે વસ્તી વિસ્ફોટના કારણે આપણે સહુ અનુભવી તો



રહ્યા છીએ પણ જાણી અથવા સમજી નથી રહ્યા. આપણે એ સમજતા નથી કે, વધુ પડતી વસ્તીની સીધી અસર જીવનની ગુણવત્તા પર પડે છે. મનુષ્ય જીવનની ગુણવત્તામાં વસ્તી વિસ્ફોટને કારણે ઘટાડો થાય છે. અન્ય સામાજિક અને પર્યાવરણીય પરિબળો પર અસર કરવા સાથે કુપોષણ, પ્રદૂષણ, ગીચ જીવનશૈલી અને આરોગ્ય સંભાળ સુવિધાઓનો અભાવ શામેલ છે, જે તમામ સમુદાયના ચેપી રોગોનું જોખમ વધારે છે.

મોટાભાગના લોકો વધતી વસ્તીની પર્યાવરણ અને સમાજ પર નકારાત્મક અસરોથી વાકેફ છે, પરંતુ સ્વાસ્થ્ય પર તેની નકારાત્મક અસરોથી વાકેફ નથી. જો આ વલણ ચાલુ રહેશે તો આપણા દેશનું ભવિષ્ય કેવું દેખાશે? શહેરી અતિશય વસ્તી અને વસ્તી વધારાના કારણે પર્યાવરણીય ફેરફારો જેવા મુદ્દાઓને લીધે, ઘણા ચેપી રોગો ફેલાવા લાગ્યા છે. ચાલો માનવ સ્વાસ્થ્ય પર વધુ પડતી વસ્તીની અસરોની ચર્ચા કરીએ, ચેપનું જોખમ વધે છે. ચેપ અને વધુ પડતી વસ્તી વચ્ચે નજીકનો સંબંધ છે.

માનવ વસ્તીની ગીચતા સાથે સ્વાસ્થ્ય ઉપર જોખમ પણ વધતું જાય છે, કારણ કે હવામાં થતા ચેપ વધુ ઝડપથી ફેલાઈ શકે છે. અસંખ્ય ચેપી રોગો શહેરી ભીડ અને વસ્તી વૃદ્ધિને કારણે આવેલા પર્યાવરણીય ફેરફારો જેવી સમસ્યાઓને પરિણામે ઊભરી આવ્યા છે. એન્ટિબાયોટિક પ્રતિકારમાં વધારો એ રોગો માટે અણધારી સમસ્યા છે જેમ કે: ટ્યુબરક્યુલોસિસ, મલેરિયા, કોલેરા, ડેન્ગ્યુનો તાવ.

આપણે કોવિડ રોગચાળામાં અનુભવ્યું તેમ ગીચતાને કારણે અમુક રોગોને ફેલાવા માટે મોકળું મેદાન મળી જાય છે, ખાસ કરીને જયારે તે ચેપી હોય. સતત વધી રહેલી જનસંખ્યાનું અન્ય એક દુષ્પરિણામ એટલે, પ્રદૂષિત જળ સંસાધનો. દૂષિત પાણીથી થતા રોગોમાં દર વર્ષે હજારો લોકો જીવ ગુમાવે છે. વધુ ભીડવાળા વાતાવરણમાં, વાઈરસ વધુ ઝડપથી પ્રસરે છે, જેનાથી ખતરનાક પરિવર્તન થાય છે અને પાણી પુરવઠાને દૂષિત કરે છે. ભારત જેવા દેશમાં જ્યાં વસ્તીનો વિસ્ફોટ તો છે જ, સાથે જળ પ્રદૂષણ પણ ખૂબ વધારે છે, તેને કારણે પીવાનું શુદ્ધ પાણી મળવું પણ લાખો લોકો માટે દુષ્કર છે. જેની સીધી અસર તે લોકોના આરોગ્ય પર પડે છે.

માનવો દ્વારા મળ-મૂત્રના ત્યાગ, ફેક્ટરીઓ દ્વારા કેમિકલયુક્ત પાણી છોડવા, ઝૂંપડપટ્ટી જેવી જગ્યાઓમાં કચરો સીધો પાણીમાં પધરાવવા જેવી અનેક બિનારોગ્યપ્રદ રીતોને કારણે આખરે તો આપણા આરોગ્ય પર તેની વિપરીત અસર જોવા મળે છે. મુંબઈમાં રહેતા લોકોને તો મીઠી નામની નદી છે તેની ખબર સુધ્ધાં નહોતી, બધા એમ જ માનતા કે એ તો ગંદા પાણીના નિકાલ માટેનું નાળું છે.

## જીવનનું મૂળ છે ‘આધાર’



જે કારણે ટકી રહ્યું છે તે જે તે બાબત માટે આધાર ગણાય. આ એક સર્વ સામાન્ય વાત થઈ. સાથે સાથે જેમાંથી ઉદભવ્યું હોય તેને પણ આધાર કહેવાય. જે કારણે પ્રશંસા મળે તે કારણને પણ અમુક સંદર્ભમાં આધાર ગણવામાં આવે છે. કાર્યરત થવા પાછળનાં પરિબળોને પણ કેટલાક પરિપ્રેક્ષ્યમાં આધાર કહેવાય છે. આધાર એ એવી ઘટના છે જેના કારણે અન્ય કોઈ ઘટના કે પરિસ્થિતિ કે વિચારધારા કે પદાર્થ ઉદ્ભવે, અસ્તિત્વમાં આવે, ટકી રહે, કાર્યરત થાય, આગળ વધે ઉપમૂલ્યન પામે કે અર્થપૂર્ણ બને. કપિલમુનિના સાંખ્યદર્શનમાં આવી આધાર શૃંખલા આ વિષય માટે એક સરસ ઉદાહરણ પૂરું પાડે છે. આ વાત આને આધારે છે અને તે વાત આગળ આ બાબતને આધારે છે, એ વિચારવાની બૌદ્ધિક ક્રિયાને જે તે આધાર આપીને અંતે જે સ્વયં પોતાને જ આધારિત છે તેવી બાબત સુધી વિચારધારા લઈ જવાય છે. આધારિત અને આધારની આ શૃંખલા અંતિમ સત્યને સમજવા, ત્યાં સુધી પહોંચવાનો માર્ગ સુનિશ્ચિત કરે છે. તેવી જ રીતે કેન ઉપનિષદમાં પણ આ બધું શેને આધારે છે તે દર્શાવાય છે. આધારની પરિકલ્પના સનાતનની સંસ્કૃતિમાં સનાતનની તત્ત્વજ્ઞાનમાં બહુ મહત્ત્વની ઘટના છે. આધારને શોધતા શોધતા જ બ્રહ્મજીજ્ઞાસુઓ બ્રહ્મને પામી શક્યા છે.

ભગવત ગીતામાં પણ માનવીની ખાસિયત ‘ત્રયી’ માળખામાંથી કયા ગુણને આધારિત છે તે દર્શાવાય છે. વળી કામ-ક્રોધનો આધાર કયો એ માટે પણ વિસ્તારપૂર્વક ચર્ચા જોવા મળે છે. એક વિશ્વરૂપની અધ્યક્ષતાના કારણે કે આધારે આ સૃષ્ટિનું સર્જન થાય છે. માળાના દોરા જેવા જગત નિયંતા કૃષ્ણને આધારે આ સંસારરૂપી મણકા પરોવાયા છે. આધાર એ સ્વયં સ્થાપિત હોય છે એમ કહી શકાય જ્યારે આધારિત એ પરાવલંબી અસ્તિત્વ છે. આધાર લાંબા સમયગાળાનો અથવા કાયમી હોઈ શકે જ્યારે આધારિત સમય અવધી અનુસાર હોય.

# પોતે સુખી રહેવાનું સહેલું પરંતુ બીજાથી વધુ સુખી રહેવાનું કઠિન

સુખ શું છે ? અને કેવી રીતે મેળવી શકાય ? એ અંગે ઘણું ઘણું લખાય છે અને વંચાય છે. આમ છતાં આ સુખનો ટાપુ કોઈ શોધી શક્યું નથી. દરેક માણસે પોતે જ પોતાની રીતે આ ટાપુ પર પહોંચવાનું હોય છે. સુખ કોઈ આપી શકતું નથી. જાતે મેળવવાનું હોય છે.

સંતોષ અને આનંદ જેવું બીજું કોઈ સુખ નથી. પ્રાપ્તિ અને અભાવ બંનેમાં જે આનંદ અનુભવે છે તેને સુખને શોધવાની જરૂર નથી. મોન્તેસ્ક નામના ચિંતકે કહ્યું છે કે '' માણસને સુખી થવું હોય તો બહુ સહેલું છે. પરંતુ માણસને તો બીજા કરતા વધુ સુખી થવું છે એટલે આ વાત મુશ્કેલ બને છે. બીજા કરતાં



સુખી થવાનું બહુ કપરું છે. કારણ કે બીજાઓ હોય છે તેના કરતાં આપણે તેમને વધુ સુખી માનીએ છીએ. આપણને દરેક માણસ આપણા કરતાં વધુ સુખી લાગે છે. કારણ કે સુખ બહાર દેખાય છે અને દુ:ખ અંદર ધરબાયેલું હોય છે. બહારથી સુખી દેખાતા માણસોને પણ પોતાના દુ:ખ અને વ્યથાઓ હોય છે. પણ તેની આપણને ખબર પડતી નથી. માણસની પાસે જે હોય છે તેની કિંમત રહેતી નથી. પોતાની પાસે જે નથી અને બીજા પાસે જે છે તે તેનું આકર્ષણ રહેતું હોય છે. અને તે માણસનું સુખ બની જાય છે.

કોઈને ધનનું , કોઈને મનનું કે કોઈને તનનું સુખ જોઈતું હોય છે. એક સાથે બધા સુખો કોઈ નસીબદારને જ મળતા હોય છે. મોરારીબાપુએ તેમની કથામાં આ પ્રશ્નની છણાવટ કરતા કહ્યું છે. “ધન ઓછું, તન મધ્યમ અને મન મોટું એ માણસ સુખી તેમણે ધન અને લક્ષ્મી વચ્ચે શું ફરક છે તે પણ સારી રીતે સમજાવ્યું છે. “સરળતાથી મળે અને કષ્ટથી વપરાય એનું નામ ધન અને કષ્ટથી મળે અને સરળતાથી વપરાય એનું નામ લક્ષ્મી મન તો આભ જેવું મોટું જોઈએ.

માત્ર ધનદોલત અને એશ્વર્યથી માણસ સુખી થઈ શકતો નથી. જો એમ હોય તો બધા ધનિક માણસો સુખી હોત. માણસને પેટ પૂરતું ભોજન, અંગ ઢાંકવા માટે વસ્ત્રો અને રહેવા માટે છાપરું મળે તો દુઃખી થવાનું કોઈ કારણ નથી. ભૂખ હોય તો સૂકો રોટલો પણ મીઠો લાગે અને તૂટી ખાટ પર પણ માણસ ચેનથી ઊંઘી શકે.

# કર્ણ અને શ્રીકૃષ્ણના જીવનચરિત્રમાં સમાનતાઓ અને તફાવત

કર્ણ અને અર્જુન વચ્ચે કોણ શ્રેષ્ઠ ધનુર્ધર એ પ્રશ્નનો ઉત્તર સદીઓથી આપણે ત્યાં ચર્ચાતો રહ્યો છે. એ પ્રશ્નના વિકલ્પોમાં ગંગાપુત્ર ભીષ્મ અને ગુરુદેવ દ્રોણાચાર્ય પણ ક્યારેક ચર્ચામાં આવે છે, પરંતુ આ પ્રશ્નનો કોઈ પણ એક વિકલ્પ પસંદ કરી ઉત્તર આપવો અશક્ય છે. જો કે કર્ણ અને શ્રીકૃષ્ણ બંને સાથે સંકળાયેલા છે શ્રીકૃષ્ણ! મહાભારતમાં અન્ય પણ એવા ઘણાં પાત્રો છે જેમની યુદ્ધક્ષમતાઓ બહુ ઓછી ચર્ચાઈ છે જેમ કે બર્બરિક અને ઘટોત્કચ. આ બધાં પાત્રો વિશે વિચારતાં અમુક પાત્રો વચ્ચેની સમાનતા ઊડીને આંખે વળગે છે. આવી જ એક સમાંતર જીવનગાથા કર્ણ અને શ્રીકૃષ્ણ વચ્ચે પણ દેખાય છે, પણ કર્ણનું જીવન મારા મતે એક સ્તર પછી અધોગતિ કરે છે જ્યારે કૃષ્ણનું જીવન જ દર્શન છે, સહજ જીવનનું, પૂર્ણતાનું, મુક્તિનું અને



ઉર્ધ્વગતિનું એ પરિચાયક છે. આ વિષયના કેટલાક અગત્યના મુદ્દા મારો મત પ્રગટ કરવા પૂરતાં અહીં મૂક્યા છે. શ્રીકૃષ્ણ અને કર્ણની જન્મગાથામાં ઘણું સામ્ય છે. શ્રીકૃષ્ણ તો અવતાર હતા એટલે એમના જન્મ સાથે સંકળાયેલી દૈવી ઘટનાઓની વાત અહીં નથી.

પણ જન્મ સમયના સંજોગો લગભગ સમાન હતા. માતા દેવકી અને વસુદેવ કૃષ્ણજન્મ સમયે કારાગૃહમાં હતાં, જન્મ પછી તરત શ્રીકૃષ્ણને માતા દેવકીથી દૂર થવું પડ્યું અને તેઓ યશોદામાનું વાત્સલ્ય પામ્યા. એ જ રીતે કર્ણજન્મ વખતે માતા કુંતીને તેમની ધાત્રીએ સૌથી અલગ રાખ્યાં હતાં અને કર્ણના જન્મ પછી તરત જ માતા કુંતીથી દૂર થવું પડ્યું અને તે મહારાજ અધીરથના પત્ની રાધામાનું વાત્સલ્ય પામ્યા. પણ ફરક એ છે કે માતા દેવકીએ કૃષ્ણ એમના પુત્ર છે એ વાત ક્યારેય છુપાવી નથી જ્યારે કુંતી કર્ણના મૃત્યુ સુધી તેને પોતાના પુત્ર તરીકે જાહેર કરી શક્તાં નથી. જન્મ પછી તરત વસુદેવ શ્રીકૃષ્ણને લઈને યમુના પાર ગોકુળ લઈ જાય છે, જ્યારે કર્ણ જન્મ પછી તરત નદીમાં એક પેટીમાં તરતા મુકાય છે.

## અવસરને ઓળખ્યા વગર ક્યારેય નથી મળતી સફળતા

કોઈ પણ વસ્તુમાં સફળતા માટે અવસરને ઓળખવું ખુબ જરૂરી છે. આચાર્ય ચાણક્ય અનુસાર જે વ્યક્તિ કામ કરવામાં કુશળ હોય છે, તેને તે જ કામ કરવાની જવાબદારી આપવી જોઈએ. ચાણક્ય નીતિમાં સમજાવવામાં આવ્યું છે કે સફળતા માટે અવસરને ઓળખવું ખુબ જરૂરી છે. અવસરને સમય પર ન ઓળખવાના કારણે ઘણા લોકો પોતાની સફળતાથી પરિચિત રહી જાય છે. આ વાત એકદમ યોગ્ય છે કે અવસર હોવા છતાં પણ ઓળખી ન સકતા લોકો પર દેવી લક્ષ્મી પ્રસન્ન થતી નથી. આચાર્ય ચાણક્યએ શ્લોકો સાથે આ વાત



સમજાવી છે.આચાર્ય ચાણક્ય અનુસાર, જે વ્યક્તિ સફળતાની તકને ઓળખ્યા વિના કામ શરૂ કરે છે, તે લક્ષ્મીથી વંચિત થઈ જાય છે, એટલે કે લક્ષ્મી તેનો સાથ છોડી દે છે. વ્યક્તિ પોતાની જાતને ભાગ્યશાળી માને છે, પરંતુ જો તે સમયને ઓળખ્યા વિના તેની યોગ્ય તપાસ કર્યા વિના કામ શરૂ કરે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.

**ન્યૂઝ બ્રિફ**

## વોટ્સએપમાં ગ્રુપ મેમ્બર્સ કરી શકશે ઓડિયો ચેટ

। નવી દિલ્હી, તા.૯ ।

ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વોટ્સએપે ગ્રુપ મેમ્બર્સ માટે વોઈસ ચેટ્સ નામનું એક નવું ફીચર રજૂ રોલઆઉટ કર્યું છે. નવી સુવિધા યુઝર્સને ગ્રુપમાં વૉઈસ કૉલ દ્વારા ઑડિયો ચેટ કરવાની સુવિધા આપશે. હાલમાં આ ફીચર બીટા ટેસ્ટિંગ માટે રજૂ કરવામાં આવ્યું છે. કંપની ટૂંક સમયમાં તેને તમામ લોકો માટે રોલઆઉટ કરશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ WhatsAppએ એક નવું ફીચર એડમિન રિવ્યુ બહાર પાડ્યું છે, જે ગ્રુપ ચેટ્સને મેનેજ કરવામાં મદદ કરે છે. વોટ્સએપના ફીચર્સ પર નજર રાખતી વેબસાઈટ WABªaInfoએ નવા ફીચર વિશે માહિતી આપી છે. WABªaInfo અનુસાર, WhatsApp એક નવા ફીચર પર કામ કરી રહ્યું છે જે ગ્રુપ યુઝર્સને ગ્રુપમાં ઑડિયો ચેટ કરવાની મંજૂરી આપશે. હાલમાં તે WhatsApp બીટા વર્ઝન એન્ડ્રોઈડ ૨.૨૩.૧૬.૧૯ માટે રિલીઝ કરવામાં આવ્યું છે. ટેસ્ટિંગ પછી કંપની તેને અન્ય યુઝર્સ માટે પણ રિલીઝ કરી શકે છે. વોઈસ ચેટ ફીચરની મદદથી યુઝર્સને ગ્રુપમાં ઓડિયો કોલ કરવાની સુવિધા મળશે. આ પહેલા ગ્રુપ મેમ્બર્સને વીડિયો કોલની સુવિધા મળતી હતી. જો કે, તેની પણ મર્યાદાઓ છે, જેમ કે એક સમયે માત્ર ૩૨ લોકો જ વીડિયો કૉલમાં જોડાઈ શકે છે. ફીચર ટ્રેકર અનુસાર, વોટ્સએપની કોલ પરની હાલની મર્યાદા વોઈસ ચેટ્સ પર પણ લાગુ થશે. એટલે કે એક સમયે માત્ર ૩૨ ગ્રુપ મેમ્બર્સ જ તેમાં જોડાઈ શકશે. આ ફીચર ગ્રુપ એડમિનની ગેરહાજરીમાં પણ ગ્રુપ મેસેજને મેનેજ કરવામાં મદદ કરશે. આ ફીચર ગ્રુપ મેનેજમેન્ટને વધારવા માટે રજૂ કરવામાં આવી રહ્યું છે. ફીચર હેઠળ ગ્રુપ મેમ્બર્સને ગ્રુપ સેટિંગ્સમાં એડિટ ગ્રુપ સેટિંગ્સનો નવો વિકલ્પ મળશે. આ વિકલ્પની મદદથી ગ્રુપના સભ્યો કોઈપણ અયોગ્ય અથવા ખોટા મેસેજની જાણ કરી શકે છે. રિપોર્ટના આધારે, ગ્રુપ એડમિન પાસે મેસેજને દૂર કરવાનો અથવા સામગ્રીના આધારે યોગ્ય પગલાં લેવાનો અધિકાર હશે. આ ફીચરની મદદથી અશ્લીલ અને અન્ય સમાન મેસેજ અને કન્ટેન્ટને ગ્રુપમાં મોકલતા અટકાવી શકાય છે. નવા વોઈસ ચેટ ફીચર હેઠળ ગ્રુપમાં કોલ આઈકોનને બદલે યુઝરને નવા ગ્રુપ ઓડિયો કોલ આઈકોન જોવા મળશે.

### રાજકોટવાસીઓ આઈસ્ક્રીમ ખાતા પહેલા સાવધાન

# રાજકોટમાંથી એક્સપાયરી ડેટ વાળો ૬૦ કિલો આઈસ્ક્રીમ મળ્યો

**આ ઉપરાંત હનુમાન મઢી ચોકમાં આવેલ મુરલીધર ફરસાણમાંથી ૧૩ કિલો દાજીયા તેલનો નાશ**

। અમદાવાદ, તા.૯ ।

રાજકોટમાં અનેક વેપારીઓ વધારે નફો કમાવવા માટે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતાં હોય છે ત્યારે રાજકોટ મનપા એક્શન આવ્યું છે અને મનપાના ફૂડ વિભાગે અનેક જગ્યાએ દરોડા પાડ્યા છે. મળતી માહિતી મુજબ મવડી બાયપાસ નજીક આવેલા ચોકોડેન કેક એન્ડ સ્વીટમાંથી ૮૫ કિલો અખાદ્ય જથ્થો મળી આવ્યો છે. ચોકોડેન કેક એન્ડ સ્વીટમાંથી ૬૦ કિલો એક્સપાયરી ડેટ વાળો આઈસક્રીમ, ફૂગ વાળા કુકીઝ અને સોસ ૧૫ કિલો, અખાદ્ય જામ ક્રશ અને ક્રીમ ૧૦ કિલો મળી આવ્યા છે. આ ઉપરાંત હનુમાન મઢી ચોકમાં આવેલ મુરલીધર ફરસાણમાંથી ૧૩ કિલો દાજીયા તેલનો નાશ કરવામાં આવ્યો છે. તમામ જગ્યાએ અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરી નોટિસ આપવામાં આવી છે. આઈસ્ક્રીમ ખરીદતી વખતે લેબલ્સ કાળજીપૂર્વક વાંચો. લેબલમાં દર્શાવેલ આઈસ્ક્રીમની ગુણવત્તામાં રંગ અને સ્વાદની સામગ્રી



આઈસ્ક્રીમના કુલ વજનના ૫% કરતા ઓછી હોવી જોઈએ. વેનીલા ફ્લેવર્ડ સફેદ આઈસ્ક્રીમ અથવા મૂળભૂત આઈસ્ક્રીમ, કોફીની જાતો, મેપલ અને કારામેલ આઈસ્ક્રીમને સાદા આઈસ્ક્રીમ તરીકે ગણવામાં આવે છે. જ્યાં સાદો આઈસ્ક્રીમ ખરીદતી વખતે ૫% ની આ ફોર્મ્યુલા ધ્યાનમાં રાખવી જોઈએ, ફ્લેવર્ડ આઈસ્ક્રીમમાં ખાંડ અને રંગ વગેરેનું પ્રમાણ ઓછું કે વધુ હોઈ શકે છે. ચોકલેટ આઈસ્ક્રીમ ખરીદતી વખતે એમાં ચોકલેટ કે કોકો પાઉડરનું પ્રમાણ ૩-૪% છે કે નહીં તે જોવું. પરિણામે, ઓછા કોકો પાવડર સાથેનો આઈસ્ક્રીમ નબળી ગુણવત્તાનો માનવામાં આવે છે. સ્વાદ વધારવા માટે તેમાં આર્ટિફિશિયલ ફ્લેવરનો ઉપયોગ કરી શકાય છે. આઈસ્ક્રીમમાં ચરબી હોય છે. અડધા કપ આઈસ્ક્રીમમાં ઓછામાં ઓછી ૯ ગ્રામ ચરબી હોય છે. માર્ગ દ્વારા, શરીરને થોડી માત્રામાં ચરબીની જરૂર હોય છે. આઈસ્ક્રીમમાં પણ કોલેસ્ટ્રોલ વધારે હોય છે. એક કપ આઈસ્ક્રીમમાં ૨૫ મિલિગ્રામ કોલેસ્ટ્રોલ હોય છે. આઈસ્ક્રીમમાં ચરબીની સાથે સાથે ઘણી બધી ખાંડ પણ હોય છે. વધુ માત્રામાં ખાંડનું સેવન કરવાથી લોહીમાં ગ્લુકોઝનું સ્તર વધે છે, જેનાથી ડાયાબિટીસનું જોખમ વધી શકે છે. આઈસ્ક્રીમમાં ખાંડ, કેલરી, ચરબી હોય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક નથી. તેમાં કાર્બોહાઈડ્રેટ ભરપૂર માત્રામાં હોય છે. આવી સ્થિતિમાં, વધુ પ્રમાણમાં શુદ્ધ કાર્બોહાઈડ્રેટ ખાવાથી પેટમાં ચરબી જમા થાય છે. જો તમે દરરોજ ૩-૪ આઈસ્ક્રીમ ખાઓ છો, તો ૧૦૦૦ થી વધુ કેલરી શરીરમાં જાય છે. જે વજન વધારવા માટે પૂરતું છે.

### કેન્સર સામે ઝઝૂમી રહેલી પત્નીએ વ્યક્ત કરી છેલ્લી ઈચ્છા

# પ્રેમી સાથે પસાર કરવા માંગું છું રાત, સાંભળીને પતિ ચોંકી ગયો!

**પત્નીને જીવલેણ બીમારી છે. ડોક્ટરે મહિલાને કહ્યું કે હવે તેના જીવનમાં થોડા મહિના જ બાકી છે**

। નવી દિલ્હી, તા.૯ ।

જ્યારે પણ કોઈ વ્યક્તિનો છેલ્લો સમય હોય છે ત્યારે તેને ઓળખનારા તેની અંતિમ ઈચ્છા જાણવા માંગે છે. કેટલીકવાર આ ઈચ્છા એવી હોય છે કે તે આસાનીથી પૂરી થઈ શકે છે, પરંતુ કેટલાક લોકો એટલા જટિલ હોય છે કે તેમની ઈચ્છા સાંભળીને જ સામેવાળાનું દિલ હચમચી જાય છે. આવું જ કંઈક એક પતિ સાથે થયું, જે પોતાની મરતી પત્નીની અંતિમ ઈચ્છા જાણ્યા પછી તેના હોશ ગુમાવી બેઠો. ઈીઇંઇંદ્બ પર પોસ્ટ કરીને પુરુષે જણાવ્યું કે પત્નીને જીવલેણ બીમારી છે. ડોક્ટરે મહિલાને કહ્યું કે હવે તેના જીવનમાં થોડા મહિના જ બાકી છે. આવી સ્થિતિમાં જ્યારે તેના પતિએ તેની મૃત્યુ પામનાર પત્નીની છેલ્લી ઈચ્છા જાણવા માંગી તો તેણે તેના પતિ પાસે કંઈક એવી માંગ કરી કે તે પતિને કંઈ કહી શકી નહીં. હવે તેણે આ આખું વાક્ય સોશિયલ મીડિયા પર લોકો સાથે શેર કર્યું છે. તેને સમજાતું



નથી કે શું કરવું. આ વ્યક્તિએ પોતાની પોસ્ટમાં જણાવ્યું છે કે તેની પત્ની 'ટર્મિનલ મેડિકલ કંડીશન'થી પીડિત છે અને તે હવે આ દુનિયામાં માત્ર થોડા મહિનાની મહેમાન છે. બંને છેલ્લા ૧૦ વર્ષથી સાથે છે, આવી સ્થિતિમાં તે પોતાની પત્નીના છેલ્લા દિવસોને ખુશીઓથી ભરવા માંગે છે. જોકે, પત્નીએ તેને પોતાની છેલ્લી ઈચ્છા જણાવીને તેને મુશ્કેલીમાં મૂકી દીધો છે. વાસ્તવમાં પત્નીએ તેના પતિને છેલ્લી ઈચ્છા તરીકે કહ્યું હતું કે તે મૃત્યુ પહેલા તેના પૂર્વ બોયફ્રેન્ડ સાથે એક રાત વિતાવવા માંગે છે. આ સાંભળીને તેના પતિને ભારે આઘાત લાગ્યો. પતિને થોડીવાર કંઈ સમજાયું નહીં. ત્યારે લોકોએ પોતાનું દુઃખ વ્યક્ત કરતા કહ્યું છે કે લગ્નના એક દાયકામાં તેમને એવી લાગણી હતી કે પત્ની આજે પણ પૂર્વ પ્રેમીને યાદ કરે છે. સામાન્ય સંજોગોમાં, તેણે આ અંગે પ્રતિક્રિયા આપી હોત, પરંતુ આ પરિસ્થિતિમાં, તે તેની પત્નીને નુકસાન પહોંચાડવા માંગતો નથી. પોતાના દિલની હાલત જણાવતા તેણે કહ્યું કે આના કારણે તે ખૂબ જ દુખી છે અને આખી જિંદગી આ વાત ભૂલી શકશે નહીં.

### જીવની ચિંતા કર્યા વિના મહિલાએ ઝંપલાવ્યું

# નદીના ધસમસતા પ્રવાહમાં તણાઇ રહ્યો હતો ૧૨ વર્ષનો બાળક

**આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે, લોકો મહિલાની બહાદુરીની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે**

। અમદાવાદ, તા.૯ ।

ભાવનગરમાં નદીના પાણીમાં તણાઈ રહેલા ૧૦ થી ૧૨ વર્ષના બાળકનો મહિલાએ જીવ બચાવ્યો હતો. મળતી જાણકારી અનુસાર ભાવનગરમાં ઉમરાળા તાલુકાના સમઢીયાળા ગામ પાસેની નદીમાં ૧૦થી ૧૨ વર્ષનો બાળક તણાવા લાગ્યો હતો. બાળકને તણાતા જોઈને મહિલાએ પોતાના જીવની પરવા કર્યા વિના નદીમાં છલાંગ લગાવી હતી અને બાળકનો જીવ બચાવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. લોકો મહિલાની બહાદુરીની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક બાળક નદીના પ્રવાહમાં તણાઈ રહ્યો છે જેને જોઈને એક મહિલા તરત જ નદીમાં જીવના જોખમે નદીના પાણીમાં ઝંપલાવે છે અને ડૂબી રહેલા બાળકને સુરક્ષિત રીતે બહાર કાઢે છે. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. નદીમાં બાળકને તણાતા જોઈને દર્શનાબેન રાઠોડ નામની મહિલા નદીમાં કૂદી પડી હતી અને બાળકનો જીવ બચાવ્યો હતો. વાસ્તવમાં દર્શનાબેન રાઠોડ નામની મહિલા ભાવનગરથી બે દિવસ પહેલા ગંગાસતી પાનબાઈ સમઢીયાળા દર્શનાર્થે ગયા હતા તે સમયે તેમણે જોયું કે એક બાળક નદીમાં તણાઈ રહ્યો છે.

### પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી

# સાબરકાંઠામાં ત્રણ કારને ટક્કર મારનાર કાર ચાલકની ધરપકડ

**પ્રત્યદર્શીએ દાવો કર્યો હતો કે ગાડીની સ્પીડ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે, શેલા વિસ્તારની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી**

। અમદાવાદ, તા.૯ ।।

અમદાવાદમાં ફરી એકવાર રફતારનો કહેર જોવા મળ્યો હતો. શહેરના શેલામાં કાર ચાલકે ત્રણ વાહનોને ટક્કર મારી હતી. જેમાં એક મહિલાને ઈજા પહોંચી હતી. હેરિયર ગાડીના ચાલકે ત્રણ કારને અકસ્માત સર્જાયો હતો. આ બનાવને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માત સર્જનાર ગાડીનો નંબર GJ ૩૮ મ્ઈ ૯૧૧૩ છે. અકસ્માતની જાણ પોલીસને થતાં તાત્કાલિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. જો કે અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ થયો હતો પરંતુ બાદમાં કારચાલક આરોપી મનોજ અગ્રવાલની પોલીસે મોડી રાત્રે ધરપકડ કરી હતી. કારને પણ બોપલ પોલીસ સ્ટેશનમાં જપ્ત કરવામાં આવી હતી. અકસ્માતમાં એક ગાડીની એરબેગ પણ ખુલી ગઈ હતી. પ્રત્યદર્શીએ દાવો કર્યો હતો કે ગાડીની સ્પીડ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે. શેલા વિસ્તારની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, એક મહિલાને ઈજા પહોંચી હતી. બે ગાડીઓને ભારે તો એક ગાડીને સામાન્ય નુકસાન પહોંચ્યુ હતું. અકસ્માત સર્જનારની ગાડી સ્કાય સિટી ખાતે આવેલા ફ્લોરિસ નામની સ્કીમમાં મળી આવી હતી. પોલીસે ગણતરીની મિનિટોમાં જ આ કારને શોધી લીધી હતી. જ્યારે અકસ્માત સર્જીને નાસી છૂટેલા કારચાલકની પણ ધરપકડ કરી હતી. નોંધનીય છે કે ત્રણ દિવસ અગાઉ પણ શહેરના સી જી રોડ પર લાલ બંગલા પાસે અકસ્માત સર્જાયો હતો. ચાર રસ્તા પર ટર્ન લેતી અલ્ટો કારને ફોર્ચ્યુનર ચાલકે ટક્કર મારી હતી. જેમાં અલ્ટો કાર ચાલક ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયો હતો.

## પશ્ચિમ રેલવે અમદાવાદ અને કુડાલ વચ્ચે ચલાવશે

રેલ પ્રસાશન દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને કુડાલ વચ્ચે ગણપતિ ફેસ્ટિવલ સ્પેશ્યલ ટ્રેનની કુલ ૬ ટ્રીપ ખાસ ભાડા સાથે ચલાવવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે- ટ્રેન નંબર ૦૯૪૧૨/૦૯૪૧૧ અમદાવાદ-કુડાલ સાપ્તાહિક સ્પેશ્યલ ચકુલ ૬ ટ્રીપ્સૃ ટ્રેન નંબર ૦૯૪૧૨ અમદાવાદ-કુડાલ સ્પેશ્યલ ટ્રેન અમદાવાદ થી ૧૨, ૧૯ અને ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૩ (મંગળવાર) ના રોજ અમદાવાદ થી ૦૯.૩૦ કલાકે ઉપડીને બીજા દિવસે ૦૪.૧૦ કલાકે કુડાલ પહોંચશે.તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૧ કુડાલ - અમદાવાદ સ્પેશ્યલ ટ્રેન કુડાલથી ૧૩, ૨૦ અને ૨૭ (બુધવાર) ના રોજ કુડાલ થી ૦૬.૩૦ કલાકે ઉપડીને બીજા દિવસે ૦૩.૩૦ કલાકે અમદાવાદ પહોંચશે.


**વિશેષ**

### ચેતવણી : સાઇલન્ટ હાર્ટ અટેક અંગે આપને ખબર પણ પડતી નથી

# સાઇલન્ટ અટેક ખુબ ખતરનાક

**સાઇલન્ટ હાર્ટ અટેકના લક્ષણ ઉભરીને સપાટી પર આવતા નથી : દુનિયામાં લાખો લોકો સાઇન્ટ અટેકના શિકાર થઇ જાય છે**

હાર્ટ અટેકે થાય અમને તમને ખબર પણ ન પડે તેવી બાબત સાંભળીને આશ્ચર્ય થાય છે. જો કે બાબત સાચી છે. આ પ્રકારના અટેકને જ સાઈલન્ટ અટેક કહેવામાં આવે છે. તો લક્ષણ ઉભરીને સામે આવતા નથી. પહેલા કેટલાક હાર્ટ અટેક થઈ ગયા હોય છે પરંતુ તેની ખબર પડતી નથી. જેના કારણે ડેડ મસલ્સ હોય છે. જેની ઓળખ કરવામાં આવતી નથી. સાઈલન્ટ માયો કાર્ડિયલ ઈન્ફાક્સન અવા તો એસએમઆઈના સંબંધમાં તબીબો કહે છે કે આ સાઈલન્ટ અટેક અંગે માહિતી મળતી નથી. કારણ કે આ પ્રકારના અટેકમાં તબીબ પાસે જવા માટેના લક્ષણ હોતા નથી. દુનિયાભરમાં લાખો લોકો આવા અટેકનો શિકાર થાય છે આવા લોકોમાં ગંભીર હાર્ટ અટેકનો સંકેત વધી જાય છે. જેથી તેમના મોત થવાનો ખતરો વધી જાય છે. સામાન્ય હાર્ટ અટેકમાં ઓળખ થાય છે. તે વોર્નિગં તરીકે હોય છે. જેથી દર્દીને પોતાની લાઈફસ્ટાઈલ બદલી દેવાની જરૂર હોય છે. આનાથી કાર્ડિએક રિસ્કને ઘટાડી શકાય છે. જેથી દવા અને કસરત કરતા રહેવાની જરૂર હોય છે. આઈસલેન્ડ અને ફિલલેન્ડમાં હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક બાબત ઉભરીને સપાટી પર આવી છે. જેમાં આ સાઈલન્ટ અટેકના સંબંધમાં માહિતી મેળવી લેવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જુલાઈ ૨૦૧૯માં જામા કાર્ડિયોલોજી નામના જર્નલમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે સાઈલન્ટ અટેક સામાન્ય રીતે ઓછા હોય છે. આ પ્રકારના લોકોમાં પહેલાથી કોઈ કોરોનરી આરટ્રી ડિસીઝ ન હતા. અભ્યાસમાં દાવો કરવામાં



આવ્યો કે જે લોકોને સાઈલન્ટ અટેક આવે છે તેઓ તેમના લક્ષણથી વાકેફ હોતા નથી. જેથી તેઓ પોતાના શારરિક પરિશ્રમને કન્ટ્રોલ કરતા નથી. કેટલાક હળવા લક્ષણો દેખાય છે તેને નજર અંદાજ કરવા જોઈએ નહી. સાઈલન્ટ હમેંસા સાઈલન્ટ રહેતા નથી. બલ્કે તેના કેટલાક લક્ષણો દેખાય છે. જેમ કે છાતીમાં દુખાવો, હાર્ટ બર્નનો સમાવેશ થાય છે. ચક્કર આવવા જેવી બાબત સામેલ છે. શ્વાસ લેવાની પણ તકલીફ થાય છે. આ પ્રકારની સમસ્યા તો દરરોજ મોટી સંખ્યામાં લોકોમાં થાય છે. જો કે લોકો આને સામાન્ય રીતે એસિડીટી સમજીને નજરઅંદાજ કરી નાંખે છે. ખાસ કરીને મહિલાઓમાં આ પ્રકારના લક્ષણ અસ્પષ્ટ થાય છે. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્દિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી. પરિણામ દર્શાવે છે કે ફ્લેઓ નોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે.

## ફિટનેસ : સાવધાની જરૂરી

કોરોના કાળમાં લોકો વધુને વધુ સાવધાન બની રહ્યા છે. તમામ પ્રકારની સાવચેતી પણ રાખી રહ્યા છે. સામાન્ય રીતે જોવામાં આવે તો વય વધવાની સાથે સાથે ઘણી પ્રકારની સમસ્યાઓ પણ ઊભી થવા લાગી જાય છે. વય વધતાની સાથે સાથે ફિટનેશ પ્રત્યે સાવધાન રહેવાની વધુ જરૂર રહે છે. કારણ કે અનેક શારીરિક સમસ્યાઓ ઝડપથી હુમલાઓ કરી શકે છે.શરીરની અંદર કેટલીક તકલીફ ઊભી થાય છે. આ તમામ તકલીફોથી બચવા માટે સાવધાન રહેવાની સલાહ નિષ્ણાંતો આપે છે. ૪૦ વર્ષની વય પાર થઈ ગયા બાદ ઘણી બાબતો તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ. બિમારી ઘેરી લે તે પહેલાં સાવધાની રાખવી જરૂરી છે. ૪૦ વર્ષ પૂરા થઈ ગયા બાદ શરીરની નિયમિત રીતે ચકાસણી અને પરીક્ષણ કરવાની સલાહ તબીબો આપે છે. ખાવા-પીવાની ટેવો બદલી નાખવા તથા સિસ્ત જાળવી રાખવાની સલાહ પણ આપી છે.

### અઠવાડિયામાં નવમો લાંચિયો છટકામાં સપડાયો

# ગોધરા ઇન્ચાર્જ ફાયર અધિકારી વર્ગ-૨ ૩૦ હજારની લાંચ લેતા છટકામાં ઝડપાયા

। ગોધરા,તા.૯ ।

મહિસાગર જિલ્લામાં ફાયર અધિકારી લાંચ લેતા એસીબીની ઝાળમાં સપડાયા છે. પંચમહાલ ડિસ્ટ્રીક્ટ કો ઓપરેટિવ બેંકની હેડ ઓફિસમાં હાઇડ્રન્ટ સિસ્ટમ લગાડેલી હતી. જેની એનઓસી રિન્યુ કરવા ગોધરા ઈન્ચાર્જ ફાયર અધિકારી, વર્ગ-૨, પ્રવિણસિંહ ફતેસિંહ સોલંકીએ રૂ. ૩૦ હજારની લાંચ માંગી હતી.. જેની મહિસાગર એસીબીએ લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા. લાંચની માંગણીની રકમઃ રૂ.૩૦,૦૦૦/- લાંચની સ્વીકારેલ રકમઃ રૂ.૩૦,૦૦૦/- લાંચની રીકવર કરેલ રકમઃ રૂ.૩૦,૦૦૦/- ટ્રેપની તારીખઃ તા.૦૯/૦૮/૨૦૨૩ ટ્રેપનું સ્થળઃ



મોજે – એસ.ટી.બસ સ્ટેન્ડ લુણાવાડા આ કામના ફરિયાદીએ ૨૦૨૧ મા પંચમહાલ ડીસ્ટ્રીકટ ઓ.ઓપરેટીવ બેંકની હેડ ઓફીસ ગોધરા ખાતે હાઈડ્રન્ટ સીસ્ટમ લગાડેલ જેની એન.ઓ.સી. રીન્યુ કરવા માટે પંચમહાલ ડીસ્ટ્રીકટ ઓ.ઓપરેટીવ બેંકની હેડ ઓફીસ ગોધરા ખાતેથી વર્ક ઓર્ડર મળ્યો હતો. જેથી ફરિયાદીએ તા.૦૫-૦૪-૨૦૨૩ ના રોજ ગોધરા નગરપાલિકાની વિભાગીય ફાયર અધિકારીની ઓફીસે જઇ એન.ઓ.સી. રીન્યુ કરવા અરજી કરી હતી. એન.ઓ. સી. રીન્યુ કરવા માટેની ભરવાની થતી ફી રૂ.૩૫૦૦ ભરી હોવા છતાં એન.ઓ.સી. રીન્યુ ન થતા ૦૩-૦૭-૨૦૨૩ના ના રોજ ગોધરા ખાતે વિભાગીય ફાયર અધિકારીની ઓફીસે જઇ અધિકારીને મળતાં એન.ઓ. સી. આપવા માટે રૂ.૩૦,૦૦૦ ની માંગણી કરી હતી. ફરિયાદીએ રૂ. ૩૦,૦૦૦ ની સગવડ થશે ત્યારે આપીશ તેમ કહેતા એન.ઓ.સી.આપવામાં આવી હતી. ત્યાર બાદ આરોપીએ ફરિયાદીના મિત્રોને આપેલ એન.ઓ.સી. રદ કરવા અંગેની વાતચીત કરતા રૂ.૩૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.

### અમદાવાદમાં ઘર લેવું મોંઘું બન્યું

# AMCએ નવા બાંધકામોને લગતી ફી માં તોતિંગ વધારો કર્યો

### ટ્રી પ્લાન્ટેશન ડીપોઝીટની રકમમાં અઢીથી ત્રણ ગણો વધારો કરાયો છે, ચણતર ફી, બિલ્ડીંગ રિમૂવલ મટીરીયલ ચાર્જમાં ૩થી ૪ ગણો વધારો કરવામાં આવ્યો છે

। અમદાવાદ,તા.૯ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ફરી એક મહત્વપૂર્ણ અને બોજા દાયક નિર્ણય લીધો છે. શહેરમાં નવા બાંધકામોને લગતી ફીમાં વધારો ઝીંકયો છે. AMC દ્વારા નવો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ચણતર ફી, ટ્રી પ્લાન્ટેશન ડિપોઝીટમાં વધારો કરાયો છે તેમજ બિલ્ડીંગ રિમૂવલ મટીરીયલ ચાર્જમાં પણ વધારો કરાયો છે. AMC દ્વારા પરિપત્ર જાહેર કરાયો છે કે, BU પરમીશન વખતે પરકોલેટિંગ વેલ ડિપોઝીટ પેટે રુપિયા ૭૫ હજાર ભરવા પડશે તેમજ પરકોલેટિંલ કાર્યરત છે કે નહીં ? તેની ચકાસણી બાદ રકમ પરત મળશે. ટ્રી પ્લાન્ટેશન ડીપોઝીટની રકમમાં અઢીથી ત્રણ ગણો વધારો કરાયો છે. ચણતર ફી, બિલ્ડીંગ રિમૂવલ મટીરીયલ ચાર્જમાં ૩થી ૪ ગણો વધારો કરવામાં આવ્યો છે. ચણતર ફીમાં પણ ૨થી ૩ ગણો વધારો ઝીંકાયો છે.અત્રે જણાવીએ કે, ચણતર ફી પ્રતિ ચોરસ કિમી રહેણાક રૂપિયા ૪૦ કરાઈ છે તેમજ બિન રહેણાંકમાં રૂપિયા ૬૦ ફી કરવામાં આવી છે. બિલ્ડિંગ મટીરીયલ રીમુવલ ચાર્જ પ્રતિ ચોરસ કિમી રૂપિયા ૨૦ કરાયો જે પહેલા રૂપિયા ૧૦ હતો. પ્રતિ ૨૦૦ ચોરસ મીટરના મકાનમાં ૫ વૃક્ષો વાવવાનો નિયમ પણ કરાયો છે.

## શરદી-ઉધરસ મટાડવા ૧૦ મહિનાની બાળકીને ધગધગતા ડામ દીધા



। સુરેન્દ્રનગર,તા.૯ ।

વિરમગામની ૧૦ મહિનાની માસુમ બાળકીને શરદી ઉધરસ થતાં હોસ્પિટલ લઈ જવાને બદલે માતા-પિતા બાળકીને સુરેન્દ્રનગરના વડગામના મંદિરે લઈ ગયા હતા. જ્યાં તેને ગરમ-ગરમ સોયના ડામ દેવામાં આવ્યા હતા. જે બાદ બાળકીની તબિયત લથડતા તેને રાજકોટની કે.ટી શેઠ ચિલ્ડ્રન હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી, જ્યાં ૪ દિવસની સારવાર બાદ આજે બાળકીનું મૃત્યુ નિપજ્યું છે. અંધશ્રદ્ધાએ ૧૦ મહિનાની માસુમનો ભોગ લીધો છે. આજનો સમય ખૂબ જ આધુનિક બની ગયો છે, પરંતુ હજુ પણ ઘણી જગ્યાએથી અંધશ્રદ્ધાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આજના આધુનિક સમયમાં પણ ગુજરાતની અંદર અંધશ્રદ્ધાના કિસ્સાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે, ત્યારે તાજેતરમાં સુરેન્દ્રનગરના વડગામમાં કાળજુ કંપાવી દે તેવો અંધશ્રદ્ધાનો કિસ્સો સામે આવ્યો હતો. વિરમગામમાં રહેતા એક પરિવારની ૧૦ મહિનાની માસુમ બાળકીને શરદી ઉધરસ થતાં તેને હોસ્પિટલમાં લઈ જવાને બદલે સુરેન્દ્રનગરના વડગામમાં માતાજીના મંદિરે લઈ જવામાં આવી હતી. જ્યાં માસુમ બાળકીને પેટના ભાગે ગરમ ગરમ સોયના ડામ આપવામાં આવ્યા હતા. ગરમ ગરમ સોઈના ડામ આપવાથી બાળકીની હાલત વધુ ગંભીર બની હતી. જેથી તેને ૫ ઓગસ્ટે સારવાર અર્થે રાજકોટની કે.ટી શેઠ ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબો દ્વારા માસુમ બાળકીની સારવાર કરવામાં આવી રહી હતી.



ભદ્ર પાથરણા બજારમાં લાઈસન્સ લીધેલા ફેરીયાઓ સિવાયનાને એએમસી અને પોલીસ દ્વારા હટાવી દેવામાં આવ્યા હતા.

## હાથજ ગામના વતની ATDO અજયસિંહ જામનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું

। ખેડા,તા.૯ ।

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં હાર્ટ અટેકના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં વધુ એક હાર્ટ એટક બાદ મોતના સમાચાર સામે આવ્યા છે. ખેડાના વસોમાં ફરજ ઉપર હાજર ATDOને હાર્ટએટેક આવતા મૃત્યું થયું છે. ATDO અજયસિંહ જામનું હાર્ટ એટેકથી અવસાન થતાં કેચેરીમાં શોકનું માહોલ છવાયો છે. અજયસિંહ વિસ્તરણ અધિકારી અને ATDO તરીકે ફરજ બજાવતા હતા. તાલુકા પંચાયતમાં ચાલુ ફરજ દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય તલાટી મહામંત્રી પણ અજયસિંહ જામ રહી ચુક્યા છે. નડીયાદ નજીક હાથજ ગામના વતની છે. હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, લોહીની અંદર ચરબી અને કોલેસ્ટ્રોલનું ઊંચું પ્રમાણ, વારસાગત બીમારી અને ધુમ્રપાન તેમજ દારૂનું સેવન પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે યુવાનોને હાર્ટ ઍટેક આવવા પાછળના કારણોમાં જણાવ્યું હતું કે, યુવાનોમાં તનાવનું પ્રમાણ તેમજ ભણતરનું સ્પર્ધાત્મક વાતાવરણ ખૂબ જ વધી ગયુ છે જે હાર્ટ ઍટેકનો મુખ્ય કારણ છે. કોરોના સ્પેશિયાલિસ્ટ તને એમડી ડોક્ટર મયંક ઠક્કરે જણાવ્યું હતું કે, લાંબો સમય કોરોના ચાલ્યો હોય તો લોહી ઘટ રહેતું હોય એવું બને તો હાર્ટ એટેક આવી શકે.

### રહીશોના પ્રશ્નોને વાચા આપવા માટે ફરિયાદ નિવારણ વોર્ડ સભાનું આયોજન

# જગતપુર ગોદરેજ ગાર્ડન સીટીના રહીશો દ્વારા ઉગ્ર રજૂઆત કરાઈ

### જગતપુર ગોદરેજ ગાર્ડન સીટીના રહીશો દ્વારા ભારે હોબાળો, અધિકારીઓ છટકી ગયા કોર્પોરેટરો ભરાયા

। અમદાવાદ,તા.૯ ।

અમદાવાદ કોર્પોરેશન દ્વારા કોર્પોરેશનની ચૂંટણી પહેલા સ્થાનિક રહીશોના પ્રશ્નોને વાચા આપવા માટે ફરિયાદ નિવારણ વોર્ડ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે AMCના અધિકારીઓ-પદાધિકારીઓની ઉપ સ્થિતિ વચ્ચે આજથી ઉત્તર-પશ્ચિમ ઝોનના નાગરિકો માટે પણ આ આયોજન કરાયુ હતું. આ કાર્યક્રમમાં જગતપુર વિસ્તારમાં આવેલી ગોદરેજ ગાર્ડન સીટીના રહીશો મોટી સંખ્યામાં રજુઆત કરવા માટે આ ફરિયાદ નિવારણ વોર્ડ સભામાં પહોંચ્યા હતા. છેલ્લા ઘણા સમયથી ગટર, પાણી, રોડ-રસ્તા, લાઈટ જેવા પાયાની સુવિધાઓથી વંચિત હોવાને પગલે ગુસ્સે ભરાયેલા રહીશોએ ઉગ્ર રજુઆત પુરાવાઓ સાથે કરતા સ્થાનિક જુનિયર કક્ષાના અધિકારીઓને પરસેવો વળી ગયો હતો. સમય પારખીને પલાયન થઈ ગયેલા અધિકારીઓ વચ્ચે આ વોર્ડ સભામાં જવાબદાર કોણ તે નક્કી કરવું મુશ્કેલ થઈ ગયું હતું. રહીશોના મિજાજ પારખીને હાજર થયેલા ૩ કોર્પોરેટરોનો પણ ઉધડો લેવાયો હતો. અધિકારીઓએ કેટલી ફરિયાદ સાંભળી તે અલગ વાત હતી પણ કોર્પોરેટરોને AC વચ્ચે પરસેવો આવી ગયો હતો. બિલ્ડરને ચુકવવામાં આવેલા પૈસામાં કોર્પોરેશનનો ઉલ્લેખ છે જ્યારે કે AMC ના અધિકારીઓ AUDA મા રજુઆત કરવાની સલાહ આપે છે. તંત્ર અને તાકાત વચ્ચે રહીશો પીસાઈ રહ્યા છે પણ ના બિલ્ડરના પેટનું પાણી હલે છે ના તો કોર્પોરેશન કે ઔડાને કોઈ ફરક પડી રહ્યો છે. રહીશોના ઉગ્ર વિરોધ વચ્ચે કોર્પોરેટરો દ્વારા મ્યુનિસિપલ કમિશનરનો પણ સંપર્ક સાધવા માટેની કોશિશ કરવામાં આવી હતી.

### બ્રીજની કામગીરીના સેમ્પલ ફેલ થયા

# મોટામવા ખાતે RMCએ પિલર તોડી પાડી નવેસરથી બનાવવાના આદેશ આપ્યા

### મનપા દ્વારા ગેરરીતી ઝડપી પાડીને કામ અટકાવી દેવામાં આવ્યું છે અને નવેસરથી તમામ કામ કરવા કોન્ટ્રાક્ટ કંપનીને મનપા દ્વારા આદેશ કરવામાં આવ્યો છે

। રાજકોટ,તા.૯ ।

રાજકોટના કાલાવડ રોડ પર મોટામવા ખાતે જે બ્રીજ છે તેને બંને તરફ પહોળો કરવા માટેની કામગીરી ચાલી રહી છે. જેમાં બંને તરફ ૮-૮ મીટર પહોળા નવા બ્રીજ બનાવી કુલ ૩૪ મીટરનો બ્રીજ કરવામાં આવશે જે હાલ ૧૭ મીટરનો છે. આ બ્રિજનું એક તરફ બ્રિજનું કામ ચાલી રહ્યું છે તેમાં મનપા દ્વારા ગેરરીતી ઝડપી પાડીને કામ અટકાવી દેવામાં આવ્યું છે અને નવેસરથી તમામ કામ કરવા કોન્ટ્રાક્ટ કંપનીને મનપા દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા એક તરફ રાજકોટના કાલાવડ રોડ ગૌરવપથ તરીકે વિકસાવવાની વાતો કરવામાં આવે છે આ જ વાતોમાં મનપામાં કોન્ટ્રાકટરો જ બાધારૂપ બનતા હોય તેવું લાગી રહ્યું છે. મોટા મવા ખાતે બ્રીજ પહોળો કરવાની કામગીરી બેકબોન કોન્ટ્રાક્ટ એજન્સીને ૧૩ કરોડના ખર્ચે આપવામાં આવી હતી. બેકબોન કંપની દ્વારા ઑક્ટોબર ૨૦૨૨માં આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરીમાં એક તરફ ૪ પિલર પણ બની ગયા હતા. ત્યારબાદ નિયમ મુજબ મનપાના ઈજનેરો દ્વારા બ્રીજની કામગીરીમાં બનેલા પિલરમાંથી સેમ્પલ લીધા હતા. જેમાં રેતી,કપચી અને સિમેન્ટનું પ્રમાણ જાળવવાના જે માપદંડો હોય છે તે માપદંડો જળવાય નહોતા અને સિમેન્ટ અને રેતીનું પ્રમાણ નક્કી કરાયેલા માપ દંડો કરતા ઓછું હોવાનું બહાર આવ્યું હતું. નક્કી થયેલા માપદંડો મુજબ સ-૩૫ ગ્રેડ મુજબ કામ કરવાનું હતું એટલે કે રેતી કરી સિમેન્ટ અને કપચીનું પ્રમાણ બમણું રાખવાનું હતું.

## ઠક્કરબાપાનગરના રહીશોએ કોર્પોરેટર, મેયરનો વિરોધ કર્યો

। અમદાવાદ,તા.૯ ।

અમદાવાદમાં મેયર કિરીટ પરમારના વોર્ડમાં લોકોએ પ્રાથમિક સુવિધાઓના અભાવને લઈને વિરોધ નોંધાવ્યો છે. ફરિયાદ નિવારણ વોર્ડ સભા કાર્યક્રમમાં રહીશોએ હાય હાયના નારા લગાવ્યા હતા. આ ઉપરાંત ટીપી-૬૫ ખોલવાના મુદ્દે મનપા વ્હાલા દવલાની નીતિ અપનાવતું હોવાનો સ્થાનિકોએ આરોપ લગાવ્યો છે. કેટલાય વર્ષથી ચાલતા કામથી કંટાળી રહીશોએ વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે વિરોધની જાણ થતાં મેયર કિરીટ પરમાર કાર્યક્રમમાં પહોંચ્યા નહોતા. એક તરફ મેયરના વિસ્તારમાં મેયરનો વિરોધ અને બીજી તરફ ફરિયાદ નિવારણ કેન્દ્રમાં પણ લોકોને ઉડાવ જવાબ મળી રહ્યો હોવાના લોકોએ આરોપ લગાવ્યા છે. ફરિયાદ નિવારણ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય રહીશોની સમસ્યાનો ઉકેલ લાવવા માટેનો છે. પરંતુ ઠક્કરબાપા નગરના નિવારણ કેન્દ્રમાં અમુક રહીશો ફરિયાદ જ ન લેવાતી હોવાનો આરોપ લગાવી રહ્યા છે. ફરિયાદ નિવારણ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય રહીશોની સમસ્યાનો ઉકેલ લાવવા માટેનો છે. પરંતુ ઠક્કરબાપા નગરના નિવારણ કેન્દ્રમાં અમુક રહીશો ફરિયાદ જ ન લેવાતી હોવાનો આરોપ લગાવી રહ્યા છે.




### આદિવાસી સમાજને પ્રોત્સાહિત કરવા માટે સરકારે મોટી પહેલ કરી

# ડેડીયાપાડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી

। નર્મદા,તા.૯ ।

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલની હાજરી માં કરવામાં આવી હતી. આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીની પૂજામાં દેશી દારુથી ધરતીમાતાને અભિષેક કરવાની પરંપરા વર્ષોથી આદિજાતિ વિસ્તાર ચાલતી આવે છે. આ દરમિયાન મંત્રી રાઘવજી પટેલથી એક ભૂલ થઈ ગઈ હતી. જેની ચર્ચામાં હાલમાં ખુબ થઈ રહી છે.

આજે દેડિયાપાડા ખાતે આદિવાસી દિવસની ઉજવણી પહેલા રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ સહિત મહાનુભાવોને દેશી દારુ પૂજા માટે આપ્યો હતો. જોકે કૃષિમંત્રી રાઘવજી પટેલ આદિવાસી રીતરિવાજથી અજાણ હોઈ ભૂલમાં આ દારુનો પડીયો ચરણામૃત સમજી મોઢે માંડી દીધો હતો. ત્યારબાદ બાજુમાં ઉભેલા માજી વન મંત્રી



મોતીસિંહ વસાવાએ મંત્રીને કહ્યું કે આ તો ધરતીમાતાને અર્પણ કરવાનું છે ત્યારે મંત્રી રાઘવજી પટેલને પોતાની ભૂલ સમજાય હતી. હાલમાં આ વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે.

ગુજરાતમાં આદિવાસી સમાજને પ્રોત્સાહિત કરવા માટે સરકારે મોટી પહેલ કરી છે, આજે ૯મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ છે. આ વિશ્વ આદિવાસી દિવસ દિવસ નિમિત્તે આજે ગુજરાતના તાપી જિલ્લામાં ઉજવણી કરવામાં આવશે, આ પ્રસંગે અહીં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

આજે તાપી જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે, આજે જિલ્લાના સોનગઢમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યકક્ષાની આ ઉજવણી કરવામાં આવશે. અહીંથી ૭૩ કરોડના લોકાર્પણનું કામ, ૭૫ કરોડના કામોનું ખાત મુર્હત સહિતના કામોને ખુલ્લા મુકાશે. આજે સોનગઢના ગુણસદાની પ્રાથમિક શાળા ખાતેથી મેરી માટી ‘મેરા દેશ’ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભરંભ કરાવવામાં આવશે. સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગુણસદા ગામે પહોંચશે, અને અહીંથી કાર્યક્રમને લઈ અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરાવશે.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે તાપીમાં મુખ્યમંત્રી ખુદ હાજર રહેશે અને આ પ્રસંગમાં ભાગ લેશે.

આ ઉપરાંત ત્યાં કેબિનેટ મંત્રી કુબેર ડિંડોર અને રાજ્યકક્ષાના મંત્રી કુંવરજી હળપતિ હજાર રહેશે. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ગુજરાતમાં કરવામાં આવશે તેથી રાજ્ય મંત્રીમંડળના સભ્યોને પણ વિવિધ તાલુકા કક્ષાની ઉજવણીમાં હાજર રહેશે, સાથે સાથે વિધાનસભાના મુખ્ય દંડક અને દંડક પણ વિવિધ તાલુકાઓની ઉજવણીમાં ભાગ લેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨